dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નુ સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 09 | Issue-13 | AD - 2025, Aso Vad - 07 | Monday, Dt.13-10-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### પાકિસ્તાની અને અફઘાન સેના વચ્ચે સરહદ પર ઘણા વિસ્તારોમાં ચાલી રહેલી લડાઇ

# અફઘાનિસ્તાનના તાલિબાન લડવૈયાઓએ ગોળીબાર કરતા ૫૮ પાકિસ્તાની સૈનિકોના મોત

(એચ.એસ.એલ),ઈસ્લામાબાદ,તા.૧૨

પાકિસ્તાની અને અફઘાન સેના વચ્ચે સરહદ પર ઘણા વિસ્તારોમાં લડાઈ ચાલી રહી છે. આ બંને દેશો વચ્ચે સંઘર્ષ વધારી શકે છે. શનિવારે રાત્રે, અફઘાનિસ્તાનના તાલિબાન લડવૈયાઓએ પાકિસ્તાની ફોરવર્ડ બોર્ડર પોસ્ટ્સ પર ગોળીબાર કર્યો હતો. અફઘાન તાલિબાન સરકારના પ્રવક્તાએ દાવો કર્યો છે કે શનિવારે રાત્રે થયેલા ગોળીબારમાં ૫૮ પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા છે અને ૩૦ થી વધુ ઘાયલ થયા છે. વધુમાં, અફઘાનિસ્તાને ૨૫ પાકિસ્તાની ચોકીઓ પર કબજો કર્યો છે. રવિવારે સવારે, પાકિસ્તાને અનેક અફઘાન ફોરવર્ડ પોસ્ટ્સ પર ટેન્ક, તોપખાના અને ડ્રોનનો ઉપયોગ કરીને વળતો હુમલો કર્યો હતો. વિશ્વભરના દેશોએ બંને દેશો વચ્ચે વધતા સંઘર્ષ પર ચિંતા વ્યક્ત કરી છે.

પાકિસ્તાની મીડિયા અનુસાર, ખૈબર પખ્તુનખ્વા અને બલુચિસ્તાનમાં અંગૂર અદ્દા, બાજૌર, કુર્રમ, દીર, ચિત્રલ અને બારામચા સહિત અનેક ફોરવર્ડ પોસ્ટ્સ પર બંને દેશો વચ્ચે અથડામણ થઈ હતી. પાકિસ્તાનનો દાવો છે કે સરહદ પારથી ગોળીબારનો



હેતુ પાકિસ્તાનમાં ટીટીપી આતંકવાદીઓને ઘૂસણખોરી કરાવવાનો હતો. પાકિસ્તાની મીડિયા આઉટલેટ એક્સપ્રેસ ટ્રિબ્યુનનો દાવો છે કે ગોળીબારમાં ઘણી અફઘાન ચોકીઓ નાશ પામી હતી અને ઘણા અફઘાન સૈનિકો અને ટીટીપી આતંકવાદીઓ માર્યા ગયા હતા. જોકે, અહેવાલમાં મૃતકો અને ઘાયલોનો ચોક્કસ આંકડો આપવામાં આવ્યો નથી.

તાલિબાને રવિવારે કહ્યું હતું કે તેણે કરેલી સરહદી કાર્યવાહીમાં ૫૮ પાકિસ્તાની સૈનિકો માર્યા ગયા છે. તેણે પોતાના પ્રદેશ અને હવાઈ ક્ષેત્રમાં વારંવાર થયેલા ઉલ્લંઘનના જવાબમાં આ કાર્યવાહી કરી હતી. આ અઠવાડિયાની શરૂઆતમાં, પાકિસ્તાને અફઘાનિસ્તાનની રાજધાની કાબુલ અને દેશના પૂર્વ ભાગમાં આવેલા એક બજારમાં બોમ્બમારો કર્યો હતો. જોકે, પાકિસ્તાને આ હુમલાઓની જવાબદારી સ્વીકારી નથી. તાલિબાન સરકારના મુખ્ય પ્રવક્તા ઝબીઉલ્લાહ મુજાહિદે જણાવ્યું હતું કે અફઘાન દળોએ ૨૫ પાકિસ્તાની લશ્કરી ચોકીઓ પર કબજો કર્યો છે, જેમાં ૫૮ સૈનિકો માર્યા ગયા છે અને ૩૦ અન્ય પાકિસ્તાની સૈનિકો ઘાયલ થયા છે. તાજેતરના વર્ષોમાં તહરીક-એ-તાલિબાન પાકિસ્તાને પાકિસ્તાનમાં અનેક મોટા આતંકવાદી હુમલા કર્યા છે. પાકિસ્તાનનો આરોપ છે કે ટીટીપી નેતાઓને અફઘાન તાલિબાનનું સમર્થન છે. જો કે, બંને દેશો વચ્ચે આ મુદ્દો વારંવાર ઉઠાવવામાં આવ્યો હોવા છતાં, હુમલાઓને રોકવા માટે કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. ગયા અઠવાડિયે ખૈબર પખ્તુનખ્વાના અરકઝાઈ વિસ્તારમાં એક અથડામણમાં લેફ્ટનન્ટ કર્નલ સહિત ૧૧ પાકિસ્તાની સૈનિકોના મોતથી પાકિસ્તાન ગુસ્સે ભરાયું હતું, અને આ જ કારણ છે કે પાકિસ્તાને તાજેતરમાં ટીટીપી નેતાઓને નિશાન બનાવવા માટે કાબુલમાં એક મોટો હવાઈ હુમલો કર્યો હતો. પાકિસ્તાની હવાઈ હુમલાનો જવાબ અફઘાનિસ્તાને સરહદ પર અનેક પાકિસ્તાની ચોકીઓને નિશાન બનાવીને અને ભારે ગોળીબારનો આશરો લઈને આપ્યો હતો. કુનાર, નંગરહાર, પક્તિકા, ખોસ્ત અને હેલમંડ વિસ્તારોમાં સરહદ પર બંને બાજુથી ગોળીબારની પુષ્ટિ થઈ છે.






## ટ્રમ્પ પીએમ મોદીને સારા મિત્ર માને છે : અમેરિકી રાજદૂત સર્જિયો ગોર

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૨

અમેરિકી રાજદૂત સર્જિયો ગોરે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળી બંને દેશો વચ્ચેની ગાઢ મિત્રતાને વધુ મજબૂત બનાવવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો. ગોરે કહ્યું કે યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પીએમ મોદીને ખૂબ જ સારા મિત્ર માને છે. શુક્રવારે ભારત પહોંચેલા ગોરે વિદેશ મંત્રી એસ. જયશંકર, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ અને વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રી સાથે પણ મુલાકાત કરી. વડાપ્રધાન મોદીને મળ્યા બાદ, સર્જિયો ગોરે કહ્યું, મારી પીએમ મોદી સાથે ખૂબ જ સારી મુલાકાત થઈ. અમે ભારત અને અમેરિકા વચ્ચે સંરક્ષણ, વેપાર અને ટેકનોલોજી જેવા મુખ્ય મુદ્દાઓ પર ચર્ચા કરી. અમે મહત્વપૂર્ણ ખનિજોના મહત્વ પર પણ ચર્ચા કરી. તેમણે એ પણ નોંધ્યું કે અમેરિકા ભારત સાથેના તેના સંબંધોને ખૂબ મહત્વ આપે છે. વડાપ્રધાન મોદીએ પણ આ મુલાકાતમાં આનંદ વ્યક્ત કર્યો. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું, "અમેરિકાના રાજદૂત-નિયુક્ત સર્જિયો ગોરને મળીને આનંદ થયો. મને વિશ્વાસ છે કે તેમના કાર્યકાળ દરમિયાન ભારત-અમેરિકા વચ્ચે વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારી વધુ મજબૂત બનશે.










સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
સોમવાર, તા.૧૩-૧૦-૨૦૨૫

**મહિલા અંધશાળાની બહેનોના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું**

# લાયન્સ ક્લબ ઓફ અમરેલી રોયલ દ્વારા દિવાળી નિમિત્તે ફટાકડાના સ્ટોલનો પ્રારંભ

અમરેલી,તા.૧૨

લાયન્સ ક્લબ ઓફ અમરેલી રોયલ અને સારથી નાગરિક સહકારી મંડળીના સંયુક્ત ઉપક્રમે ફટાકડા વિતરણ સ્ટોલનું ઉદ્‌ઘાટન મહિલા અંધશાળાની બહેનોના હસ્તે કરવામાં આવ્યું હતું. આ તકે લાયન્સ ક્લબ ઓફ અમરેલી રોયલના પ્રમુખ રાકેશ નાકરાણી, મંત્રી રાજેશ ગઢીયા, ખજાનચી રોહિત મહેતા અને અન્ય હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. આ અંગે ક્લબના પ્રમુખે જણાવ્યું હતું કે, "દિવાળી એ પ્રકાશનો પર્વ છે. અમે સમાજના એવા વર્ગની બહેનોને સન્માનિત કરીને ખુશી અનુભવીએ છીએ, જેઓ શારીરિક પડકારો છતાં જીવનમાં સકારાત્મકતા ફેલાવી રહી છે. તેમનો આત્મવિશ્વાસ



અન્ય લોકો માટે પ્રેરણારૂપ છે. તેમના દ્વારા સ્ટોલનું ઉદ્‌ઘાટન કરાવવાનો હેતુ માત્ર ફટાકડા વિતરણ જ નહીં, પણ સમાજમાં સમાનતા અને સન્માનનો સંદેશો ફેલાવવાનો પણ છે." આ ઉદ્‌ઘાટન સમારોહમાં ખોડલધામ જિલ્લા કન્વીનર રમેશભાઈ કાથરોટિયા, સુરેશભાઈ શેખવા, ભરતભાઈ વેકરીયા, રીતેશભાઈ સોની, જે.પી. માલવિયા, રાજુભાઈ ફીણવિયા, સંજયભાઈ સભાયા, ગણપતભાઈ સેંજલીયા, અમિતભાઈ ઢુંમર તથા જીતુભાઈ વેકરીયા વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને ક્લબના આ માનવતાવાદી કાર્યને બિરદાવ્યું હતું.

# બાબરાના પાંચાળ વિસ્તારમાં બિનકાયદેસર બેલાની ખાણો બંધ કરવા રજૂઆત

**દિનેશભાઈ ડાભીએ લાઠી પ્રાંત અધિકારીને પત્ર પાઠવ્યો**

અમરેલી,તા.૧૨

બાબરા તાલુકાના પાંચાળ વિસ્તારમાં બિનકાયદેસર બેલાની ખાણો અને ખનીજચોરીની અનેક ફરિયાદો ઊઠી છે. સ્થાનિક અગ્રણીઓ અને જાગૃત નાગરિકો દ્વારા વારંવાર રજૂઆત કરવા છતાં તંત્રની મીઠી નજર હેઠળ આવી ગેરકાયદે પ્રવૃત્તિઓ ધમધમી રહી હોવાનો આક્ષેપ છે. હવે, ખંભાળા ગામના દિનેશભાઈ રાઘવભાઈ ડાભીએ લાઠી પ્રાંત અધિકારીને પત્ર લખી ગેરકાયદે ચાલતી બેલાની ખાણો તાત્કાલિક બંધ કરાવવા માટે સત્તાવાર માંગણી કરી છે. વહીવટી તંત્ર આ અંગે નક્કર પગલાં ભરે તેવી રજૂઆત કરવામાં આવી છે. બાબરા પંથકમાં ખાસ કરીને કાળા પથ્થર ગ્રેનાઈટ તેમજ બેલા અને માટી ચોરી કરવા માટે અમુક લોકો ઘણા સમયથી સક્રિય થઈ જમીનનું ખોદકામ કરી રહ્યા છે. રાજ્ય સરકારની રોયલ્ટીની ચોરી કરી રાજ્યની તિજોરીને મોટું નુકસાન પહોંચાડનારા વિરુદ્ધ તંત્ર આકરા પગલાં લે તેવી માંગ કરાઈ છે.

# અમરેલી સૂર્યા ગાર્ડન ખાતે હેલ્થલાઈનની મિટિંગ મળી

અમરેલી,તા.૧૨

અમરેલી સૂર્યા ગાર્ડન ખાતે ઈન્ડિયા હેલ્થલાઈનની અગત્યની મિટિંગ ડો.ગોવિંદભાઈ ગજેરાના અધ્યક્ષ સ્થાને યોજાઈ હતી. જેમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ સૌરાષ્ટ્ર પ્રાંત સંગઠન મહામંત્રી નિર્મળભાઈ ખુમાણ, સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ ડો. કિરીટકુમાર દેસાણી, સુરેશભાઈ સોલંકી પ્રાંત અધ્યક્ષ રાષ્ટ્રીય મજદૂર પરિષદ વિગેરે



પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ઈન્ડિયા હેલ્થલાઈન રાષ્ટ્રીય અધ્યક્ષ પ્રવિણભાઈ તોગડીયાના માર્ગદર્શનથી ભારત ભરના ડોક્ટરનું મોટુ સંગઠન છે. અમરેલી જિલ્લા પ્રમુખ ડો. ગોંડલીયા, કાર્યકારી પ્રમુખ ડો. હરેશભાઈ યાદવ, મહામંત્રી ડો. દિલીપભાઈ ધાધલ, મહામંત્રી ડો.નેહાબેન પીપળીયા, અમરેલી શહેર પ્રમુખ ડો. હરેશભાઈ વઘાસીયા, ઉપપ્રમુખ આર.કે. સીરોયા, મહામંત્રી ડો.સાપરીયા, મંત્રી ડો. આર. કાપડિયા તેમજ અમરેલી તાલુકાના પ્રમુખ ડો. ચન્દ્રેશભાઈ ખુટ, ઉપપ્રમુખ ડો. પીયૂષભાઈ સોલંકી, મહામંત્રી ડો. ભીંગરાડીયા વિગેરે ઈન્ડિયા હેલ્થલાઈનના હોદ્દેદારોની નિમણૂક કરી હતી. આગામી દિવસોમાં અમરેલી જિલ્લાના દરેક તાલુકા ટીમની નિમણૂક કરવામાં આવશે.

# સા.કુંડલા-રંગોળા સ્ટેટ હાઈવેનું કામ નબળું, એજન્સી અને અધિકારીઓ સામે પગલાં ભરવાની માંગ

સાવરકુંડલા,તા.૧૨

સાવરકુંડલાથી રંગોળાને જોડતા સ્ટેટ હાઈવે નં. ૫૬ નું કામ અત્યંત નબળી ગુણવત્તાનું થયું હોવાનો આક્ષેપ એક જાગૃત નાગરિકે વીડિયો વાયરલ કરીને કર્યો છે. આ રોડ ૮ વર્ષ પહેલાં રૂ.૫૬ કરોડના ખર્ચે મંજૂર થયો હતો અને તેની પહોળાઈ ૧૦ મીટર નક્કી કરવામાં આવી હતી.



તસવીર : સૌરભ દોશી

જોકે, પ્રથમ એજન્સીને બ્લેક લિસ્ટ કર્યા બાદ નવી એજન્સી દ્વારા હાલમાં આ રોડ માત્ર ૬ મીટરની પહોળાઈનો બનાવવામાં આવ્યો છે. કામ પૂર્ણ થયાને ત્રણ મહિના થયા હોવા છતાં, રોડમાંથી કપચી નીકળવા લાગી છે, રોડ ફૂલી ગયો છે અને બે દિવસ પહેલાં જ તૂટી ગયો છે. વીડિયોમાં નાગરિકે પોતાની વ્યથા ઠાલવતા જણાવ્યું હતું કે, રોડના નિર્માણમાં મોટો ભ્રષ્ટાચાર થયો હોવાનું સ્પષ્ટ જણાય છે અને તેમાં અધિકારીઓ તથા એજન્સીની મીલીભગત હોય તેવી આશંકા છે. નબળું કામ કરનાર એજન્સીને બ્લેક લિસ્ટમાં મૂકવામાં આવે તેમ જાગૃત નાગરિક દ્વારા માંગણી કરવામાં આવી છે.

# લોહાણા મહાજન ટ્રસ્ટ, સાવરકુંડલાના નવનિયુક્ત હોદ્દેદારોની સર્વાનુમતે વરણી

સાવરકુંડલા, તા.૧૨

સાવરકુંડલાના લોહાણા મહાજન ટ્રસ્ટના કારોબારી સભ્યો અને ટ્રસ્ટીઓની એક અગત્યની બેઠક લોહાણા મહાજન વાડીમાં મળી હતી, જેમાં આગામી ત્રણ વર્ષ માટે સર્વાનુમતે નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે. આ બેઠકમાં લોહાણા સમાજના સેવાભાવી આગેવાન રાજુભાઈ શિંગાળા સહિતનાઓની વરણી કરવામાં આવી હતી. ટ્રસ્ટીઓ અને કારોબારી કમિટીના ભાઈઓની સ્વયંભૂ સંમતિથી જાહેર કરાયેલા નવનિયુક્ત હોદ્દેદારોમાં વિજયભાઈ વી. વસાણી (મેનેજિંગ ટ્રસ્ટી), જગદીશભાઈ એન. માધવાણી (પ્રમુખ), રાજુભાઈ શીંગાળા (ઉપપ્રમુખ), હાર્દિકભાઈ ખીમાણી (મંત્રી), રાજુભાઈ નાગ્રેચા (મંત્રી), પ્રકાશભાઈ વણજારા (ખજાનચી), સાગરભાઈ મશરૂ (ઓડિટર) અને અમિતભાઈ સાદરાણી (સહ ઓડિટર) તરીકે વરણી કરવામાં આવી છે. આ ઉપરાંત, બેઠકમાં આગામી જલારામ બાપાની જયંતી ધામધૂમથી ઉજવવાનો અને દર વર્ષની માફક બંને ટાઈમ સમૂહ જ્ઞાતિ ભોજન પ્રસાદનું આયોજન કરવાનો ઠરાવ મંજૂર કરવામાં આવ્યો હતો.

# CJI પર જૂતું ફેંકવાના પ્રયાસ બદલ અમરેલીમાં આવેદનપત્ર

અમરેલી,તા.૧૨

સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈ સામે તાજેતરમાં થયેલા અપમાનજનક કૃત્ય બદલ અમરેલી શહેરના વિવિધ ક્ષેત્રના આગેવાનો દ્વારા કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. આવેદનપત્રમાં જણાવ્યા અનુસાર, ગત તા. ૬ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ ૭૧ વર્ષીય વકીલ રાકેશ કિશોર દ્વારા જાહેર કોર્ટમાં ચીફ જસ્ટિસ ઉપર જૂતું ફેંકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો અને "સનાતન કા અપમાન નહી સહેગા હિન્દુસ્તાન" એવા સૂત્રોનો ઉચ્ચાર કરવામાં આવ્યો હતો. આ કૃત્ય કાયદાનું તેમજ સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશનું ગંભીર અપમાન કરનારું છે. તેમ છતાં, મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈએ બિલકુલ વિચલિત થયા વિના કેસની



સુનાવણી ચાલુ રાખી હતી. એટલું જ નહીં, તેમણે વકીલ રાકેશ કિશોરને તેમનું જૂતું પરત કરાવ્યું અને જૂતું ફેંકનારને છોડી મૂકવા માટે પોલીસને સૂચના આપીને પોતાની મહાનતા દર્શાવી હતી. આવેદનપત્ર દ્વારા આ કૃત્યની સખ્ત શબ્દોમાં નિંદા કરવામાં આવી છે અને જાહેર કોર્ટમાં કાયદાનું અપમાન કરનાર આ વકીલ સામે આગળની ન્યાયીક કાર્યવાહી થવા તથા તેમની સામે કાયદેસરનો ગુનો નોધવા માટે રાષ્ટ્રપતિ સમક્ષ માંગણી કરવામાં આવી છે. આ આવેદનપત્ર આપનારાઓમાં ભરત કાતરીયા, વસંત ચાવડા, લક્ષ્મણભાઈ બગડા, ભુપતભાઈ મારુ, સંજયભાઈ બગડા, રમેશભાઈ સોંદરવા સહિતના અનેક આગેવાનો અને નાગરિકો હાજર રહ્યાં હતા.

# અમરેલી જિલ્લાનું ગૌરવ : ઋતું સાવલિયાની સૌરાષ્ટ્ર અંડર-૧૯ રિલાયન્સ G-૧ કપની ટીમમાં પસંદગી

અમરેલી,તા.૧૨

અમરેલી જિલ્લાના સાવલિયા પરિવારની દીકરી અને પ્રતિભાશાળી ખેલાડી ઋતું રાકેશભાઈ સાવલિયાએ ક્રિકેટ ક્ષેત્રે અમરેલી જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

સમર્થ ક્રિકેટ એકેડેમી અને અમરેલી ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશન (ADCA) ની આ ખેલાડીની સૌરાષ્ટ્ર અંડર-૧૯ રિલાયન્સ G-૧ કપની ટીમમાં પસંદગી થતાં જિલ્લામાં આનંદની લાગણી છવાઈ ગઈ છે. સમગ્ર અમરેલી જિલ્લામાંથી માત્ર ઋતું સાવલિયાની જ સૌરાષ્ટ્ર અંડર-૧૯ ટીમ માટે પસંદગી થઈ છે. આ પ્રતિષ્ઠિત



ટુર્નામેન્ટ હાલમાં અમદાવાદના નરેન્દ્ર મોદી ઈન્ટરનેશનલ સ્ટેડિયમ ખાતે રમાઈ રહી છે. ઋતુંની આ સિદ્ધિ બદલ પી. પી. સોજીત્રા, શૈલેષભાઈ સંઘાણી, અર્જુનભાઈ સોજીત્રા, દાદાબાપુ ચિસ્તી અને અમરેલી ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશનના સેક્રેટરી મયુરભાઈ ગોરખીયાએ હૃદયપૂર્વક શુભેચ્છાઓ પાઠવી છે.

# જનક તળાવીયાના પ્રયાસોથી ૬ ગ્રામ પંચાયત ભવનના નવીનીકરણ માટે રૂ.૧.૫૦ કરોડ મંજૂર

લાઠી,તા.૧૨

લાઠી-બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના પ્રયાસોથી ૬ ગામોના પંચાયત ભવનોના નવીનીકરણ માટે રાજ્ય સરકાર તરફથી રૂ. ૧.૫૦ કરોડની અનુદાન રકમ સી.ડી.પી. ૫ યોજના હેઠળ મંજૂર કરવામાં આવી છે. આ વિકાસ કામગીરી અંતર્ગત, લાઠી તાલુકાના



મુળીયાપાટ, કાંચરડી, તાજપર, વીરપુર અને બાબરા તાલુકાના લાલકા તથા હાથીગઢ ગ્રામ પંચાયત ભવનોને આ ફંડમાંથી આધુનિક બનાવવામાં આવશે. ધારાસભ્યએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, "ગ્રામ પંચાયત ભવન એ માત્ર સરકારી ઈમારત નથી, પણ ગામના લોકસંપર્કનું અને લોકોને તેમના હક્ક મળવાનું મુખ્ય મંચ છે.'' તેમણે ખાતરી આપી હતી કે, આગામી સમયમાં વધુ ગામોમાં પણ આવા વિકાસકામોને પ્રાધાન્ય આપવામાં આવશે. આ નવા અનુદાનથી ગ્રામ પંચાયત સંસ્થાઓને સશક્ત બનાવવાનો અને ગ્રામવાસીઓને વધુ સારી, સક્ષમ અને ટેકનોલોજી આધારિત સેવા ઉપલબ્ધ કરવાનો માર્ગ ખુલશે.









અમરેલી નજીક આવેલા ફતેપુર (ભોજલધામ) ગામ ભક્તિનાં રંગમાં રંગાશે

# તા. ૪થી ૬ ફેબ્રુઆરી ભોજલધામ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાશે

**ત્રણ દિવસ દરમ્યાન જ્ઞાનનો ત્રીવેણી સંગમ બનશે ભોજલધામ, સાંસ્કૃતિક કાર્યક્રમ સહિત દિવ્ય આયોજન કરાયું**

અમરેલી,તા.૧૨

અમરેલી નજીક આવેલા ફતેપુર (ભોજલધામ) ગામે આગામી તા.૪થી ૬ ફેબ્રુઆરી દરમ્યાન ભોજલધામ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે. ભોજલધામ ખાતે આ દિવસે સેવા, સંસ્કાર અને જ્ઞાનનો ત્રિવેણી સંગમ બનશે. ત્રણ દિવસ યોજાનાર ભોજલધામ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં દિવ્ય આયોજન કરવામાં આવ્યા છે. જેમાં મૂર્તિની નગરયાત્રા, મૂર્તિ પ્રતિષ્ઠા દર્શન, મહાયજ્ઞ દર્શન, શ્રી કૃષ્ણલીલા નાટક, સંત



સંમેલન, સાંસ્કૃતિક કાર્યક્રમ, લાઈટ એન્ડ સાઉન્ડ શો, ભવ્ય આતશબાજી, અન્નકૂટ દર્શન, ભવ્ય લોકમેળો, ભજન સંતવાણી, વિવિધ મેડિકલ કેમ્પો, બાળ નગરી સહિતનાં અનેક ધાર્મિક આયોજનો કરવામાં આવનાર છે. ભોજલધામ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનાં આ મહાયજ્ઞમાં બેસવા માટે લાભ લેવા જણાવવામાં આવ્યુ છે. ત્રણ દિવસ સુધી ફતેપુર (ભોજલધામ) ગામ ભક્તિનાં રંગમાં રંગાશે.


ગૌશાળા ધૂન મંડળ દ્વારા આજે ધૂન, મંગળવારે ભજનસંધ્યાનું આયોજન

# સ્વ.બાવાભાઈ મોવલીયાના સ્મરણાર્થે નાની કુંકાવાવ ગામે સેવાકિય કાર્યો કરાશે

**પ્રસિધ્ધ ભજનસમ્રાટ વિમલ મહેતા ભક્તિરસ પીરસશે**

અમરેલી,તા.૧૨

અમરેલી જિલ્લામાં સેવાકીય અગ્રણી તરીકે નામના મેળવનાર બાવાભાઈ ભીખાભાઈ મોવલીયાનું થોડા દિવસો પહેલા જ દુઃખદ નિધન થતા સમગ્ર પંથકમાં ઘેરો શોક છવાયો હતો. જિલ્લાની અનેક સામાજીક સંસ્થાઓ અને ખોડલધામ ટ્રસ્ટના ટ્રસ્ટી વસંતભાઈ મોવલીયા અને જલ્પેશભાઈ મોવલીયાના પિતાશ્રીનાં નિધનને કારણે અનેક રાજકીય અને સામાજિક આગેવાનોએ દિલસોજી પાઠવી હતી. સ્વ.બાવાભાઈ મોવલીયાના મુમૂક્ષ આત્માની



શાંતિ માટે સેવાકિય કાર્યો કરવામાં આવશે. નાની કુંકાવાવ ગામે આજે રાત્રિના ૮:૩૦ કલાકે રામભરોસે ગૌશાળા ધૂન મંડળ દ્વારા ધૂન અને આવતીકાલ મંગળવારના રોજ રાત્રીનાં ૯:૦૦ કલાકે ભજનસંધ્યાનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં પ્રસિધ્ધ ભજનસમ્રાટ વિમલ મહેતા પોતાનો ભક્તિરસ પીરસશે, તો ભજનસંધ્યામાં પધારવા માટે મોવલીયા પરિવારે તમામ લોકોને આમંત્રણ પાઠવ્યુ છે.

ઈંગોરિયા યુધ્ધને જોવા માટે લોકો દૂર-દૂરથી આવશે

# દીપાવલીની રાત્રે સાવરકુંડલામાં જામશે અનોખું 'ઈંગોરિયા યુદ્ધ'

સાવરકુંડલા,તા.૧૨

સાવરકુંડલા શહેરમાં છેલ્લા છ દાયકાથી પણ વધુ સમયથી દીપાવલીની રાત્રે 'ઈંગોરિયા યુદ્ધ'ની અનોખી અને રોમાંચક પરંપરા એ જ જુસ્સાથી જામશે. આ અનોખી રમતને જોવા માટે હજારોની સંખ્યામાં લોકો દૂર દૂરથી સાવરકુંડલા આવે છે. ઈંગોરિયાના વૃક્ષના ચીકુ જેવા ફળને સૂકવીને, તેમાં કાણું પાડીને દારૂ-ગંધક-સુરોખાર અને કોલસાની ભૂકીનું મિશ્રણ ભરીને તૈયાર કરવામાં આવતા 'ઈંગોરિયા'ને આગની વાટ વડે સળગાવીને સામ-સામા ફેંકવામાં આવે છે.

સાવર અને કુંડલા એમ બે જૂથમાં વહેંચાયેલા લડવૈયાઓ સળગતા ઈંગોરિયા નાખીને



તસવીર : સૌરભ દોશી

એકબીજાની ટોળીઓને દૂર સુધી ખસેડી દે છે. હાલમાં દાડમના ફૂવારાની જેમ આગના ફૂવારા સાથે આ ગોળીઓ રોકેટની જેમ દૂર સુધી જાય છે.

જોકે, સમયના વહેણ સાથે આ લડાઈના નામમાં પરિવર્તન આવ્યું નથી, પરંતુ ઈંગોરિયાના વૃક્ષો ઓછા થતાં હવે તેનું સ્થાન સી.ડી. અને હાલમાં કોકડાએ લીધું છે, જેમાં દારૂખાનું ભરીને તેને તૈયાર કરાય છે.

છેલ્લાં ૬ દાયકાથી ચાલી આવતી આ પરંપરા હજુ પણ યથાવત

# સા.કુંડલાના માનવમંદિર ખાતે સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

અમરેલી,તા.૧૨

સાવરકુંડલા શહેરમાં હાથસણી રોડ પર આવેલ માનવમંદિર ખાતે નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ હોસ્પિટલના નિષ્ણાત ડોકટરો દ્વારા માનવ મંદિરમાં સર્વ રોગ નિદાન કેમ્પ યોજવામાં આવ્યો. આ ઉપરાંત નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ આયુર્વેદ કોલેજના વિદ્યાર્થીઓએ માનવમંદિરના હરિના બાળકો ઉપર રિસર્ચ કર્યુ હતું. આ પ્રસંગે



હરિના મનોરોગી બહેનો સાથે વાતચીત કરી તેની વર્તણૂંકનો અને જીવન પધ્ધતિનો અભ્યાસ કર્યો. તેમની સાથે હળવી પળોમાં વાતો કરીને તેમનો ઉત્સાહ વધારવાનો પ્રયાસ કર્યો હતો. આમ આ આશ્રમ ધીમે ધીમે હવે મનોરોગીઓના અભ્યાસનું કેન્દ્ર પણ બની ગયો છે.

# બગસરા-વડીયા-ફતેપુરા બસ શરૂ થતા શ્રમિકોમાં આનંદની લાગણી

અમરેલી,તા.૧૨

અમરેલી જિલ્લામાં ખેતમજૂરોની સંખ્યા હોય ત્યારે આ શ્રમિકોને દિવાળી સહિતના તહેવારોમાં વતન જવા માટે વડીયા પંથકના શ્રમિકો ભારે હાલાકી ભોગવી રહ્યાં હતા. જેમાં ખાસ કરીને મધ્યપ્રદેશ, ગોધરા, ફતેપુરા વિસ્તારના લોકો અહીં ખેતીક્ષેત્રે રોજગારી અર્થે આવે છે. આ મુસાફરોની હાલાકીને ધ્યાને રાખી બગસરા ડેપો દ્વારા હાલ બગસરા - વડીયા - ફતેપુરા રૂટની નવી બસ



શરુ કરાતા આ ખેતમજૂરોને દિવાળી ભેટ મળી છે. બગસરા, વડીયા, સુલતાનપુર, દેરડી થઈને આ બસ ફતેપુરા રૂટ પર જશે. આ બસ બગસરાથી ૩:૩૦ કલાકે ઉપાડી વડીયા ખાતે ૪:૩૦ કલાકે આવશે. આ રૂટ શરુ થતા વડીયા ખાતે આમ આદમી પાર્ટીના સ્થાનિક નેતાઓ ભીખુભાઈ વોરા, દિલીપભાઈ શીંગાળા સહિતનાઓએ નવો રૂટ શરૂ થતા એસ.ટી.વિભાગને અભિનંદન પાઠવ્યા છે.

પાલિકા પ્રમુખ સહિત અધિકારીઓ અને પદાધિકારીઓની હાજરીમાં

# અમરેલીના સેન્ટર પોઈન્ટ ખાતે લાભાર્થીઓને આયુષ્યમાન કાર્ડનું વિતરણ

અમરેલી,તા.૧૨

અમરેલી જિલ્લાના છેવાડાના વિસ્તારો સુધી ૨૪ વર્ષના જનવિશ્વાસ, સેવા અને સમર્પણની ગાથા પહોંચી રહી છે. આ કડીના ભાગરૂપે રવિવારે અમરેલી સ્થિત સેન્ટર પોઈન્ટ ખાતે નગરપાલિકા અંતર્ગત શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ દ્વારા વિકાસ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. અમરેલી નગરપાલિકા અંતર્ગત આયોજિત વિકાસ સપ્તાહ કાર્યક્રમમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અન્વયે આયુષ્માન કાર્ડનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.

લાભાર્થીઓને આભા કાર્ડનો લાભ પણ પૂરો



પાડવામાં આવ્યો હતો. ઉપરાંત પીએમ સ્વનિધિ યોજના હેઠળ સ્ટ્રીટ વેન્ડર્સને રૂ. ૧૫ હજાર અને રૂ. ૨૫ હજારના સહાય ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. અમરેલી સ્થિત સેન્ટર પોઈન્ટ ખાતે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ દ્વારા વિકાસ સપ્તાહની ઉજવણીમાં અમરેલી નગરપાલિકા પ્રમુખ બિપીનભાઈ લીંબાણી, ઉપપ્રમુખ, નગરપાલિકા મુખ્ય અધિકારી વિનોદભાઈ રાઠોડ સહિત પદાધિકારીઓ, અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

લાભાર્થીઓને આભા કાર્ડનો લાભ પણ પૂરો પાડવામાં આવ્યો

ચેક વિતરણ સમયે શહેરના આગેવાનો ઉપસ્થિત રહ્યા

# જાફરાબાદ પાલિકા પ્રમુખ દ્વારા લાભાર્થીઓને ચેક વિતરણ

જાફરાબાદ,તા.૧૨

જાફરાબાદ નગરપાલિકાના પ્રમુખ રવિનાબેન બારીયા દ્વારા વિકાસના કામોનું પ્રેઝન્ટેશન લોકાર્પણ તેમજ હેલ્થ કાર્ડ તેમજ આભા વિતરણ કરાયું તેમજ પીએનજી સ્વનિધિ અંતર્ગત લાભાર્થીઓને ચેક વિતરણ તેમજ સફાઈ કર્મચારીઓને પીપી કીટ અર્પણ કરવામાં આવી હતી. આ ઉપરાંત અલગ અલગ ઘણા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.



તસવીર : બાબુભાઈ વાઢેળ

જેમાં પ્રફુલભાઈ બારીયા, નગરપાલિકાના ચેરમેન કનૈયાલાલ સોલંકી ઉપપ્રમુખ નીરવભાઈ ઠાકર તેમજ નગરપાલિકાના સભ્યો અને ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

સફાઈ કર્મચારીઓને પીપી કીટ અર્પણ કરવામાં આવી

# અમરેલી એસ.ટી. ડેપોમાં નવુ સુત્ર 'ધક્કો મારો બસમાં બેસો'

અમરેલી,તા.૧૨

અમરેલી એસ.ટી. ડેપોમાં અમરેલી-કુંકાવાવ રૂટની એક લોકલ બસમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી. જેના કારણે એસ.ટી.ના કર્મચારીઓ, ડ્રાઈવર અને મુસાફરોએ ભેગા મળીને બસને ધક્કો મારીને ચાલુ કરવી પડી હતી.

આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં એસ.ટી. વિભાગની કામગીરી પર ગંભીર સવાલો ઊભા થયા છે. મુસાફરોએ વારંવાર સર્જાતી આ પ્રકારની ખામીઓ અંગે તંત્રની બેદરકારી બદલ નારાજગી વ્યક્ત કરી હતી, જેના કારણે તેમને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.

બસને ધક્કો મારતા હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ




## અવસાન નોંધ

**સાવરકુંડલા**

મુક્તાબેન ઠાકરશીભાઈ ટાંક (ઉ.વ.૯૦) તે જયસુખભાઈ ટાંક,રાજુભાઈ ટાંકના માતાનું તા.૧૦/૧૦/૨૫ ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે સદગતનું બેસણું તા.૧૩/૧૦/૨૫ ને સોમવારના રોજ બપોરે ૪ થી ૬ કલાકે શ્રી કાનજીબાપુ ઉપવન વાડી મારૂતિનગર સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**બગસરા**

શરીફાબેન હાતિમભાઇ લોકાટ (સાવરકુંડલા) તે હાજી બદરૂદિનભાઇ મુ.ફખરૂદિનભાઇના બૈરો ફાતેમાબેન તાહેરીભાઈ કપાસી જામનગરવાળા (ગાંધીનગર)ના મમ્મી જાકીરભાઈ (સાવરકુંડલા) શબ્બીરભાઇ રાજકોટના બહેન મુ.શબ્બીરભાઇ (બગસરા) મુસ્તફાભાઇ (બાંગલાદેશ) જક્યુદિનભાઇના ભાભી તા.૧૨/૧૦/૨૦૨૫ ને રવિવારના રોજ બગસરા મુકામે વફાત થયા છે. તેમની ઝીયારતના સીપારા તા.૧૪-૧૦-૨૦૨૫ ને મંગળવાર ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે વજીહી મસ્જીદ બગસરા મુકામે રાખેલ છે.






**તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના દૃઢ સંકલ્પને કારણે**

# આઝાદીના ૬૯ વર્ષ બાદ શિયાળબેટમાં અંધારા ઉલેચાયા

અમરેલી,તા.૧૨

અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના દરિયાકાંઠે આવેલો શિયાળબેટ ટાપુ, આઝાદીના લગભગ સાત દાયકાઓ સુધી વીજળીની સુવિધાથી વંચિત હતો. ૨૦૧૧ની વસ્તી ગણતરી મુજબ ૫૦૯૬ની વસ્તી ધરાવતા આ ટાપુનું વીજળીકરણ ભૌગોલિક અને દરિયાઈ પડકારોને કારણે



શક્ય બનતું નહોતું. તોફાની દરિયાઈ વાતાવરણના કારણે ગ્રીડ પાવર સાથેનું જોડાણ ટેકનિકલ અને આર્થિક રીતે મુશ્કેલ હતું.રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત ગૌરવ દિન-૨૦૦૮માં શિયાળબેટના વીજળીકરણની જાહેરાત કરી હતી. ત્યારબાદ, સતત ત્રણ પ્રયત્નોમાં કોન્ટ્રાક્ટ માટે યોગ્ય પ્રતિભાવ ન મળ્યા બાદ, ચોથી વખત ઓનલાઈન ટેન્ડર દ્વારા રૂ. ૧૭.૪૭ કરોડના ખર્ચે આ યુનિક પ્રોજેક્ટનું કામ શરૂ થયું હતું. આ પ્રોજેક્ટ હેઠળ દરિયામાં મરીન કેબલ પાથરવા માટે ખાસ મરજીવાઓની ટીમ, હાઈડ્રોગ્રાફિક સર્વે મશીનરી અને કુશળ માનવબળની જરૂર પડી હતી. ભરતી-ઓટ અને હવામાનની સ્થિતિને ધ્યાનમાં રાખીને દરરોજ મર્યાદિત સમય માટે જ કાર્ય થઈ શકતું હતું. આ પડકારો પાર કરીને, જૂન-૨૦૧૬માં તત્કાલીન મુખ્યમંત્રી આનંદીબેન પટેલના હસ્તે શિયાળબેટ ટાપુ પર વીજળી પુરવઠો કાર્યરત કરવામાં આવ્યો, અને ગામના અંધકાર યુગનો અંત આવ્યો હતો.

**૬ મહિનાથી લાઈટ નથી, પીવાનું પાણી પણ મળતું નથી : સરપંચ**

શિયાળબેટ ગામે તત્કાલીન મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા અંધેરા ઉલેચવામાં આવ્યા હતા પરંતુ આ અંગે શિયાળબેટના સરપંચે જણાવ્યું હતું કે, તૌકતે વાવાઝોડા પછી ગામમાં લાઈટ અનિયમિત થઈ ગઈ છે. હાલ તો છેલ્લાં ૬ મહિના કરતા વધારે સમયથી લાઈટ નથી જેથી ફરી અંધકારયુગ આવી ગયો છે. સાથોસાથ પીવાનું મીઠુ પાણી જે દરિયાની નીચેથી મહીની લાઈન નાખીને આવતું હતું તે પણ છેલ્લાં ૮ મહિનાથી બંધ છે. આમ, શિયાળબેટના ગ્રામજનો પાણી અને લાઈટ વગર ભારે હાલાકી ભોગવી રહ્યાં છે.

## સાવરકુંડલાના રામગઢ ગામે અંગત અદાવતમાં સરપંચ પર કૂતરો છોડ્યો

સાવરકુંડલા, તા.૧૨

સાવરકુંડલાના રામગઢ ગામે અંગત અદાવતમાં સરપંચ પર કૂતરો છોડવામાં આવ્યો હતો. બનાવ અંગે સરપંચ ભાભલુભાઈ દેવકુભાઈ ખુમાણ (ઉં.વ.૫૦) એ જયદીપભાઈ ચંપુભાઈ ખુમાણ તથા કુલદીપભાઈ ચંપુભાઈ ખુમાણ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમણે જયદીપભાઈ ખુમાણ અગાઉ ગામમાં દારૂ રાખતો હોય અને દારૂ પીતો હોય જે અંગે ટોક્યો હતો. ચારેક દિવસ પહેલા તેમના કુટુંબી વનરાજભાઈને મારવા આવ્યા હતા. જે બાબતે તેના કાકા બચુભાઈ ખુમાણે જનરક્ષકમાં ફોન કર્યો હતો. જે તમામ બાબતે દાઝ રાખી આરોપીઓએ ગાળો આપી હતી. તેમજ કુહાડીની મુંધરાટીથી બે ઘા મારી ઈજા પહોંચાડી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ.એ. બગડા વધુ તપાસ કરી રહ્યા છે.

## રાજુલામાં આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી નિમિત્તે જનજાગૃતિ રેલી નીકળી

**આરોગ્ય અધિકારી ડો. નિલેશ કલસરિયાએ માર્ગદર્શન આપ્યું**

રાજુલા,તા.૧૨

રાજુલામાં આરોગ્ય વિભાગ દ્વારા આંતરરાષ્ટ્રીય બાલિકા દિવસની ઉજવણી જનજાગૃતિ રેલી દ્વારા કરવામાં આવી હતી. જેમાં



જનજાગૃતિ રેલી, આરોગ્ય, શિક્ષણ, કાયદાની અમલવારી અને અધિકારો બાબતે બાલિકાઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સ્ત્રીભ્રૂણ હત્યા અટકાવવા પીસી અને પીએનડીટી એક્ટ અમલમાં છે પરંતુ કાયદાની સાથોસાથ સમાજમાં જનજાગૃતિ આવે અને દીકરા દીકરીઓના ભેદભાવ દુર થાય અને દીકરીઓને સન્માન મળે તે બાબતે તાલુકા આરોગ્ય અધિકારી ડૉ.નિલેશ કલસરિયાએ જણાવ્યું હતું.

## સા.કુંડલામાં કચરો વાળવા મુદ્દે મહિલાઓ બાખડી

સાવરકુંડલા, તા.૧૨

સાવરકુંડલામાં કચરો વાળવા મુદ્દે મહિલાઓમાં બબાલ થઈ હતી. રીઝવાના જાકીરભાઈ કુરેશી (ઉ.વ.૪૫) એ રેશુબેન આસીફભાઈ દલ, રેશુબેનના મમ્મી તથા અન્ય એક સ્ત્રી સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેમના જેઠાણી અને રેશુબેન વચ્ચે કચરો વાળી ભેગો કરવા બાબતે માથાકુટ થઈ હતી. જે બાબતે તેઓ નીચે સમજાવવા આવતા દાદરા નીચે ઉતરતી વખતે રેશુબેન તથા તેના મમ્મી તથા અન્ય સ્ત્રી આ ત્રણેયમાંથી કોઈકે એક ઈંટનો છુટ્ટો ઘા મારી તેમના કપાળના ભાગે બે ટાંકા આવે તેવી ઈજા કરી હતી. ઉપરાંત તેના જેઠાણીને ગાળો આપી હતી. સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.એલ. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

## અમરેલીમાં સા.કુંડલા રોડ પર અકસ્માતમાં પતિ-પત્ની ગંભીર રીતે ઈજાગ્રસ્ત

**અકસ્માત સર્જી કાર ચાલક ફરાર થઈ ગયો**

અમરેલી, તા.૧૨

અમરેલીમાં સાવરકુંડલા રોડ પર ફોર વ્હીલ ઈકો ચાલકે પૂરઝડપે અને બેફિકરાઈથી કાર ચલાવી મોટરસાયકલને પાછળથી ટક્કર મારતાં પતિ-પત્ની ગંભીર રીતે ઘાયલ થયા હતા. અકસ્માત સર્જીને કાર ચાલક ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. જેને લઈ રંગપુર ગામે રહેતા રમેશભાઈ બચુભાઈ કાછડીયા (ઉ.વ.૫૫) એ ઈકો ગાડીના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ તેમનાં પત્ની સાથે મોટરસાયકલ લઈને રંગપુરથી સાવરકુંડલા તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન, સાવરકુંડલા રોડ પર પરબ મઢીની આગળ પહોંચતા, ઈકો ચાલકે પૂરઝડપે અને બેફિકરાઈથી કાર ચલાવી ફરિયાદીની મોટરસાયકલને પાછળથી જોરદાર ટક્કર મારતાં, ફરિયાદી અને તેમનાં પત્ની નીચે પટકાયા હતા. અકસ્માતમાં પતિ-પત્નીને ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જી ચાલક ફરાર થઈ ગયો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.આર. સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

## રાજુલાના હિંડોરણા ગામે પ્રેમ સંબંધના મનદુ:ખમાં યુવક પર જીવલેણ હુમલો

રાજુલા, તા.૧૨

રાજુલાન હિંડોરણા ગામે પ્રેમ સંબંધના મનદુઃખને કારણે ચાર જેટલા ઈસમોએ એક યુવક અને તેના પરિવાર પર હુમલો કર્યાની ઘટના સામે આવી હતી. પોલીસે હુમલો કરનારા ચાર આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. રમેશભાઈ રામભાઈ તાણેચા (ઉ.વ.૨૭) એ દિનેશભાઈ વાઘાભાઈ, રાજુભાઈ વાઘાભાઈ, ભાવેશભાઈ વાઘાભાઈ તથા કિશનભાઈ રાજુભાઈ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના મોટા બાપુના દીકરા અરવિંદભાઈને હુમલાના મુખ્ય આરોપીની પત્ની કૈલાસબેન સાથે પ્રેમ સંબંધ હતો. આ સંબંધને લઈને લગભગ સાત મહિના પહેલા અરવિંદભાઈ અને મુખ્ય આરોપી વચ્ચે માથાકૂટ થઈ હતી. તે સમયે તેમણે વચ્ચે પડીને બંનેને સમજાવ્યા હતા. આ બાબતનું મનદુઃખ અને દાઝ રાખીને હિંડોરણા ગામમાં આવેલી પ્રાથમિક શાળાની સામે આરીફભાઈ કાસુભાઈ ઝાખરાના પાનના ગલ્લે બેઠા હતા, તે દરમિયાન મુખ્ય આરોપી સહિત અન્ય ત્રણ ઈસમો ત્યાં ધસી આવ્યા હતા. ચારેય ઈસમોએ ફરિયાદીને ગાળો આપીને હુમલો કર્યો હતો. એક આરોપીએ ફરિયાદીને લોખંડના પાઈપ વડે ડાબા હાથની કોણીથી નીચેના ભાગે અને ડાબા પગે સાથળથી નીચેના ભાગે ઘા માર્યા હતા. જ્યારે મુખ્ય આરોપીએ લોખંડના પાઈપનો એક ઘા ફરિયાદીના ડાબા પગના ઘૂંટણના ભાગે માર્યો હતો.

આ હુમલામાં ફરિયાદીના ભાઈ ભરતભાઈને પણ અન્ય બે આરોપીઓએ ઢીકાપાટુનો મુંઢમાર મારી ઈજાઓ પહોંચાડી હતી. આ ઝપાઝપીમાં ફરિયાદીના પત્ની રીંકલબેનને પણ નીચે પછાડી દેવામાં આવ્યા હતા.

હુમલાના અંતે મુખ્ય આરોપીએ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી.જે. કાતરીયા વધુ તપાસ કરી રહ્યા છે.

**ચાર આરોપીઓ સામે ગુનો દાખલ**

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: સાતમ
તા. ૧૩-૧૦-૨૦૨૫, સોમવાર, સૂર્યોદય-૦૬:૨૦,
સૂર્યાસ્ત-૦૫:૫૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: આર્દ્રા

## દૈનિક રાશિફળ

તા.૧૩-૧૦-૨૦૨૫ સોમવાર

મેષ: આજનો દિવસ તમારા માટે સારા પરિણામનો છે. તમે પૈસા કમાવવાની ઘણી રીતો જોશો. કોઈપણ સ્પર્ધામાં વિજય મળશે.

વૃષભ: આજનો દિવસ તમને ઉર્જા આપશે અને તમારામાં ઘણી શક્તિ અને ઉત્સાહ રહેશે. આજે ઘણું કામ સંભાળવાની તૈયારી છે.

મિથુન: આજે તમારા માટે ઉતાર-ચઢાવનો દિવસ રહેશે. આ સમયે તમારા વ્યવસાયમાં ઉતાર-ચઢાવને સંભાળવાની જરૂર છે.

કર્ક: આજનો દિવસ તમારા માટે થોડો નિરાશાજનક બની શકે છે. તમે ઇચ્છતા ના હોવ ત્યારે પણ ઘણી વાર તમે તે તબક્કામાં ફસાઈ જાવ છો જ્યાં ખૂબ લડવું પડે છે.

સિંહ: આજનો દિવસ તમારા માટે સારો છે. જો તમે જીવન યોગ્ય રીતે જીવવા માગો તો તમારા જીવનસાથી સાથે પ્રમાણિક રહેવું જોઈએ.

કન્યા: આજનો દિવસ અન્ય દિવસો કરતા થોડો સખત રહેશે અને આજે સવારથી જ કંઇક વિચિત્ર વાતાવરણ તમારી આસપાસ રહેશે.

તુલા: આજનો દિવસ તમારા ધંધા માટે હળવાશનો રહેશે. આજે શેરબજાર અથવા સટ્ટામાં રોકાણ કરશો નહીં. તમને ભારે નુકસાન થઈ શકે છે.

વૃશ્ચિક: તમારા માટે આજનો દિવસ ખાસ છે. તમારી કાર્ય કરવાની રીત કંઈક નવી છે અને તમને આ રીતે લાભ મળી શકે છે.

ધન: આજનો દિવસ તમારા માટે વ્યસ્ત રહેશે. તમારે કોઈ શંકા અને વિચારણા કર્યા વિના તમારી ફરજમાં રોકાયેલા રહેવું જોઈએ.

મકર: આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેશે અને કોઈ ભારે કામ સંબંધિત પોતાના કામમાંથી વિરામ લેવો પડી શકે છે.

કુંભ: આ દિવસે તમે ખૂબ કંટાળો અનુભવશો અને લાંબા સમય સુધી સંઘર્ષ કર્યા બાદ હવે તમને લાગશે કે તમારે ક્યાંક બેસીને એકાંતમાં થોડો સમય પસાર કરવો જોઈએ.

મીન: આજનો દિવસ તમારા માટે વિશેષ છે અને આજે તમે દરેક ક્ષેત્રમાં પ્રભુત્વ મેળવશો અને લોકો તમારી પ્રશંસા કરશે.

**જાનથી મારી નાખવાની ધમકી પણ આપી**

## રાજુલાના જુની બારપટોળી ગામે ખેતરમાં જવાના રસ્તા મુદ્દે તકરાર થઈ

રાજુલા, તા. ૧૨

રાજુલાના જુની બારપટોળી ગામે ખેતરમાં જવાના રસ્તા મુદ્દે થયેલી તકરારમાં યુવક પર હુમલો કરવામાં આવ્યો હતો તેમજ જાનથી મારવાની ધમકી પણ આપી હતી. ઈસુબભાઈ અલારખભાઈ નાગરીયા (ઉ.વ.૪૦) એ પાંચાભાઈ લાખાભાઈ કલસરીયા તથા ખોડાભાઈ કથડભાઈ કલસરીયા સામે ફરિયાદ નોંધાવી હતી.

તેમનાના ખેતરમાંથી પાંચાભાઈ કસલરીયા અને અન્ય ખેડૂતોને તેમના ખેતરમાં જવાનો રસ્તો છે. આ રસ્તા પર આરોપીઓ રાત્રિના સમયે મોરમના ઢગલા પાથરી રહ્યા હતા. આ જોઈને તેમણે તેમને કહ્યું કે, "જો તમારે રસ્તાનું કામ કરવું હોય તો દિવસના સમયે કરવું જોઈએ અને તે પહેલાં મને જાણ કરવી જોઈએ. આટલું કહેતા જ બંને આરોપીઓ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા. બંનેએ ફરિયાદીને જેમ ફાવે તેમ બિભત્સ ગાળો આપીને હુમલો કર્યો હતો.

પાવડા વડે તેમના બંને પગના નળાના ભાગે ઈજા પહોંચાડી હતી. તેમજ શરીરે આડેધડ ઢીકાપાટુનો મુંઢમાર માર્યો હતો. હુમલા બાદ બંને આરોપીઓએ તેમને ધમકી આપી હતી કે, "અમારા ખેતર બાજુ આવતો નહીં, નહીં તો તને જીવતો નહીં રહેવા દઈએ." આમ કહીને બંનેએ ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશના હેડ કોન્સ્ટેબલ જી.જે. કાતરીયા વધુ તપાસ કરી રહ્યા છે.

**યુવક પર બે ખેડૂતોનો પાવડા અને ઢીકાપાટુ વડે હુમલો**

## ધારીમાં ઝેરી ટિકડા પીનારા પુરુષનું સારવારમાં મોત

ધારી, તા.૧૨

ધારીમાં એક યુવકે ઝેરી ટિકડા પીધા હતા. જે બાદ તેને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા જ્યાં તેનું મોત થયું હતું. બનાવ અંગે અનિલભાઈ મગનભાઈ સરવૈયાએ જાહેર કર્યા મુજબ, મગનભાઈ રામજીભાઈ સરવૈયા કોઈ અગમ્ય કારણોસર ઘઉંમાં નાખવાના ઝેરી ટિકડા પી લેતા સારવાર દરમિયાન મરણ પામ્યા હતા. ધારી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રભાઈ જે. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

## સાવરકુંડલાના વેપારીનું બાઈક ચોરાયું

સાવરકુંડલા, તા.૧૨

સાવરકુંડલાના એક વેપારીનું રૂપિયા ૨૦ હજારની કિંમતનું બાઈક ચોરાયું હતું. બનાવ અંગે મુકેશભાઈ પરશુરામભાઈ કુશવાહા (ઉ.વ.૩૧)એ અજાણ્યા ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ રજકાપીઠ ખાતે પોતાની પાણીપુરીની લારીએ આવ્યા હતા. ચામુંડા વેલ્ડીંગ વર્ક્સ નામની દુકાન પાસે રોડની સાઈડમાં પોતાનું બાઈક પાર્ક કર્યું હતું. રૂ.૨૦,૦૦૦ની કિંમતના બાઈકની અજાણ્યો ઈસમ ચોરી કરીને ફરાર થઈ ગયો હતો.

**ટીંબી ગામે સોંદરડી ગામના પાટીયા પાસેનો બનાવ**

## 'તું શું સામું જોવે છે' કહી યુવકને છરી લઈ મારવા દોડ્યા

જાફરાબાદ, તા.૧૨

જાફરાબાદના ટીંબી ગામે સોંદરડી ગામના પાટીયા પાસે બે પક્ષો વચ્ચે તકરાર થતા સામસામી ફરિયાદ નોંધાવી હતી. જુનેદભાઈ કાસમભાઈ સરવૈયા (ઉ.વ.૩૦)એ અરમાનભાઈ અકબરભાઈ કુરેશી, અકબરભાઈ અલારખભાઈ કુરેશી તથા જહાગીરભાઈ અકબરભાઈ કુરેશી સામે નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપીઓ ટીંબી ગામના ગૌચરમાં હોટલ બનાવતા હતા. તેઓ પત્રકાર તરીકે કામ કરતા હોય જે વાતનો ખાર રાખી તેઓ તેની વાડીએ જતા હતા એ વખતે સોંદરડી ગામના પાટીયા પાસે પહોંચતા તેમને 'તું શું સામું જોવે છે' તેમ કહ્યું હતું. જેથી તેમણે 'હું મારી વાડીએ જાવ છું' તેમ કહેતા ગાળો આપવા લાગ્યા હતા. તેમણે ગાળો આપવાની ના પાડતા લાકડી માથાના ભાગે મારી, જમીન પર પછાડી દઈ, શરીરે મુંઢ ઈજાઓ કરીને છરી લઈને મારવા દોડ્યા હતા અને ગાળો આપી હતી. તેમજ મારી નાખવાની ધમકી આપી હતી. જે બાદ અકબરશા અલારખશા કુરેશી (ઉ.વ.૫૦) એ જુનેદભાઈ કાસમભાઈ સરવૈયા તથા જુનેદભાઈના પત્ની સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેઓ ટીંબી ગામે સોંદરડી ગામ જવાના રસ્તે ઈંડાની લારી ચલાવતા હોય અને ત્યાં બાજુમાં આરોપીની વાડી આવેલી હોવાથી આરોપીને ગમતું નહોતું. જેથી તેમની લારી પાસે આવીને 'આ તારી ઈંડાની લારી અહીંથી હટાવી લેજે નહીંતર હું આ ઈંડાની લારી તોડી નાખીશ' તેમ કહી ગાળો આપી હતી.ઉપરાંત મારી નાખવાની ધમકી આપી હતી. નાગેશ્રી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વી.એન. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

**બંને પક્ષોએ સામસામી ફરિયાદ નોંધાવી**

## તંત્રી લેખ

# નોબેલ પ્રાઈઝનું સન્માન

વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત પુરસ્કારોમાં જેની ગણના થાય છે તેવો 'નોબેલ પુરસ્કાર' માત્ર એક સન્માન નથી, પરંતુ માનવજાતના કલ્યાણ અને વિશ્વ શાંતિ માટે વ્યક્તિઓના અસાધારણ સમર્પણ અને યોગદાનનું પ્રતીક છે. આ પુરસ્કારની શરૂઆત સ્વીડનના મહાન વૈજ્ઞાનિક, શોધક અને ઉદ્યોગપતિ આલ્ફ્રેડ બર્નહાર્ડ નોબેલની ઈચ્છાશક્તિનું ફળ છે. ડાયનામાઈટ જેવી વિનાશક શોધ કરનાર આલ્ફ્રેડ નોબેલને પોતાની શોધનો ઉપયોગ યુદ્ધમાં થતો જોઈને અત્યંત દુઃખ થયું હતું. જીવનના અંતે, તેમણે પોતાની વિશાળ સંપત્તિનો મોટો હિસ્સો એક ટ્રસ્ટ માટે સુરક્ષિત રાખ્યો, જેમાંથી મળતા વ્યાજની આવકમાંથી દર વર્ષે ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, શરીરવિજ્ઞાન અથવા વૈદક (મેડિસિન), સાહિત્ય અને શાંતિ જેવા પાંચ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ યોગદાન આપનાર મહાનુભાવોને સન્માનિત કરવામાં આવે. ૧૯૬૮માં સ્વીડિશ સેન્ટ્રલ બૅન્ક દ્વારા અર્થશાસ્ત્ર માટેના નોબેલ સ્મૃતિ પુરસ્કારની પણ સ્થાપના કરવામાં આવી, જે ૧૯૬૯થી એનાયત થાય છે.

પ્રથમ નોબેલ પુરસ્કાર ૧૯૦૧માં એનાયત થયો હતો. આ પુરસ્કાર વિજેતાને સુવર્ણચંદ્રક, પ્રશસ્તિપત્ર અને મોટી રોકડ રકમ આપવામાં આવે છે. શાંતિ સિવાયના તમામ પુરસ્કારો સ્વીડનના સ્ટોકહોમમાં એનાયત થાય છે, જ્યારે શાંતિનો નોબેલ પુરસ્કાર નોર્વેની સંસદ દ્વારા પસંદ કરાયેલી નોર્વેજીયન નોબેલ સમિતિ દ્વારા ઓસ્લોમાં એનાયત કરવામાં આવે છે. આ પુરસ્કાર મરણોપરાંત આપવામાં આવતો નથી, સિવાય કે જ્યારે પુરસ્કાર જાહેર થઈ ગયા પછી વિજેતાનું મૃત્યુ થાય. આ સન્માન માનવ ઈતિહાસની મહાન સિદ્ધિઓને બિરદાવે છે, વિજ્ઞાન, કલા અને શાંતિના ક્ષેત્રે નવી પેઢીને પ્રેરણા આપે છે. નોબેલ પુરસ્કારનો ઈતિહાસ એ વાતનો સાક્ષી છે કે માનવતાનો વિકાસ વૈજ્ઞાનિક શોધ, સાહિત્યિક અભિવ્યક્તિ અને વિશ્વ બંધુત્વના પ્રયત્નોથી જ શક્ય છે.

તાજેતરના સમયમાં, અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને નોબેલ શાંતિ પુરસ્કાર ન મળવાને કારણે ભારે ચર્ચા જાગી છે. ડોનાલ્ડ ટ્રમ્પે મધ્ય-પૂર્વ સહિતના વિવિધ પ્રાદેશિક સંઘર્ષોમાં શાંતિ સ્થાપવાના પ્રયાસો કર્યા હોવાનો દાવો કર્યો છે અને તેઓ પોતે પણ આ પ્રતિષ્ઠિત પુરસ્કાર મેળવવાની ઈચ્છા વ્યક્ત કરી ચૂક્યા છે. જોકે, નોબેલ શાંતિ પુરસ્કારની પસંદગી પ્રક્રિયા અત્યંત જટિલ અને ગુપ્ત હોય છે. નોર્વેજીયન નોબેલ સમિતિ, જે આ પુરસ્કાર માટે વિજેતાની પસંદગી કરે છે, તે વૈશ્વિક શાંતિને પ્રોત્સાહન આપવા, સંઘર્ષોનું નિરાકરણ લાવવા અને માનવ અધિકારોને આગળ વધારવામાં વ્યક્તિઓ અથવા સંગઠનોના યોગદાનનું મૂલ્યાંકન કરે છે. આ સમિતિ રાજકીય દબાણથી મુક્ત રહીને સ્વતંત્ર નિર્ણય લેવા માટે જાણીતી છે.

નોબેલ પુરસ્કારની પસંદગી ઘણીવાર વિવાદોમાં ઘેરાયેલી રહે છે, જ્યાં રાજકીય અને વૈચારિક પરિબળોની ચર્ચા થાય છે. પરંતુ આખરે, નોબેલ ફાઉન્ડેશનનો ધ્યેય આલ્ફ્રેડ નોબેલની ભાવનાને જાળવી રાખવાનો છે: વિશ્વને વધુ સારી જગ્યા બનાવવા માટે પ્રતિબદ્ધ વ્યક્તિઓને સન્માનિત કરવા. ડોનાલ્ડ ટ્રમ્પને પુરસ્કાર ન મળ્યો તેનો અર્થ એ નથી કે તેમના શાંતિ પ્રયાસો નિરર્થક હતા, પરંતુ નોબેલ સમિતિના કડક માપદંડો અને ચોક્કસ વર્ષ માટેના તેના દ્રષ્ટિકોણનો તે પડઘો છે. નોબેલ પુરસ્કારની ગરિમા એ વાતમાં છે કે તે કોઈ પણ શક્તિશાળી વ્યક્તિ કે રાષ્ટ્રના દબાણમાં આવ્યા વિના, માનવજાતના સર્વોચ્ચ હિત માટે કાર્ય કરનારને જ બિરદાવે છે. આ સન્માન હંમેશા એવા વીરલાઓને મળે છે જેમણે પોતાના જ્ઞાન, સંઘર્ષ કે સર્જનાત્મકતા દ્વારા વિશ્વમાં હકારાત્મક પરિવર્તન લાવ્યું હોય. માન સન્માન માગવાથી ન મળે પણ યોગ્યતાથી મળે.

# પુષ્પ-૩



ઈ.સ. ૧૯૨૫ માં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના થઈ. ત્યારબાદ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પોતાની પ્રણાલી પ્રમાણે દિનપ્રતિદિન વિકસતો અને વિસ્તરતો ગયો. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના થયા બાદ ઈ.સ. ૧૯૩૬ માં ૧૧ મા વાર્ષિક ઉત્સવ દરમિયાન માર્ગદર્શન આપતા ડૉ. હેડગેવારજીએ કહ્યું કે, "આજે આપણે વિજયાદશમીની ઉજવણી માટે ભેગા થયા છીએ. આ તો તમે બધા જાણો છો. મને આ પવિત્ર દિવસના ઈતિહાસ વિશે હિન્દુઓને જણાવવાની જરૂર નથી લાગતી. આ દિવસે આ ઉત્સવમાં ધ્વજ અને શસ્ત્રપૂજનનું વિશેષ મહત્વ છે. આજની ઘટના રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરોમાં લખાવી જોઈએ. આજે હિન્દુ સમુદાયના ગૌરવ, જેમને બધા આદરણીય માને છે - રાજે બહાદુર રઘુજી રાવ ભોંસલે, તેઓ પોતે અહીં આવ્યા છે. તેવી જ રીતે જેમને સમગ્ર વિશ્વમાં બુદ્ધિશાળી માનવામાં આવે છે, નાગપુર યુનિવર્સિટીના ઉપકુલપતિ વિદ્યુન્મુકુટમણિ ડૉ. સરહરિસિંહ ગૌર, તેઓ આજે આ ઉત્સવમાં અધ્યક્ષ તરીકે આવ્યા છે. આજનો દિવસ એક અવિસ્મરણીય અને અવર્ણનીય ક્ષણ છે. એવું લાગે છે કે આજે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ પર ભગવાનના આશીર્વાદ છે. આજે દેશભરમાં જ્યાં પણ જુઓ ત્યાં નિરાશા જ ફેલાયેલી છે. કામના માર્ગમાં મુશ્કેલીઓના પહાડો ઊભા છે. આ પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ આગળ વધી રહ્યો છે. હાથમાં માટી ઉપાડતાની સાથે જ એવું લાગે છે કે તે સોનામાં પરિવર્તિત થઈ રહી છે. સંઘને આટલો અદ્ભુત અનુભવ થઈ રહ્યો છે. તેથી, આપણા અંતરાત્મામાં ભક્તિની આ ભાવના ઉત્પન્ન થઈ રહી છે કે સંઘનું કાર્ય એ ઈશ્વરીય કાર્ય છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો વિજયાદશમી તહેવાર વાર્ષિક ઉત્સવ તરીકે ઉજવવામાં આવે છે. આજે આપણો ૧૧ મો વાર્ષિક ઉત્સવ છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનું કાર્ય ખૂબ જ સરળ છે. સંઘે મોટેથી બૂમ પાડવાની કોઈ જરૂર નથી, કે કોઈ ઈચ્છા પણ નથી. સંઘને પ્રસિધ્ધીની કોઈ ઈચ્છા નથી. સંઘ નાના મોંએ મોટી વાત કરતો નથી. સંઘ તે કાર્ય કરવા માંગે છે, જે દરેક વ્યક્તિનું કર્તવ્ય છે અને તેઓએ કરવું જોઈએ. દરેક વ્યક્તિમાં ઈચ્છા અને મહત્વકાંક્ષા હોવી સ્વાભાવિક છે કે તેમનો સમાજ, તેમનો ધર્મ, તેમનું રાષ્ટ્ર આ પૃથ્વી પર ટકી રહે અને આત્મસન્માન સાથે જીવે અને સંઘની પણ એ જ ઈચ્છા અને મહત્વકાંક્ષા છે.

જો આપણે વિશ્વના અન્ય રાષ્ટ્રો પર નજર કરીએ તો જોવા મળે છે કે દરેક સમાજ સંગઠીત અને સક્ષમ છે. આત્મસન્માન સાથે જીવન જીવે છે. તેનાથી વિપરીત આપણી નબળાઈને કારણે આપણે બીજાઓનું અનુકરણ કરીએ છીએ. આ માટે આપણે જવાબદાર છીએ. જો આપણે ઈચ્છીએ છીએ કે સંકટના સમયમાં પણ કોઈ આપણી તરફ ઊંચી નજરે ન જુએ, અને કોઈ હિન્દુ સમુદાયનો નાશ કરવાનો પ્રયાસ પણ ન કરે તો આપણે સંગઠિત થવું પડશે. સક્ષમ બનવું પડશે. પોતાના સમાજ અને પોતાના રાષ્ટ્રને સક્ષમ અને મજબૂત બનાવવું એ પાપ નથી, પરંતુ પોતાના સમાજ અને પોતાના રાષ્ટ્રનું રક્ષણ કરવા માટે નિષ્ઠા અને ફરજની ભાવનાથી પ્રયાસ કરતા રહેવું એ એક પુણ્ય કાર્ય છે. આ જ ન્યાય છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ એક વિશ્વવિદ્યાલય છે. આપણું સૌભાગ્ય છે કે આજે આ પ્રસંગે આપણી પાસે નાગપુર વિશ્વવિદ્યાલયના કુલપતિ ડૉ. સરહરિસિંહ ગૌર અહીં ઉપસ્થિત છે. સંઘ હંમેશા હિન્દુ સમાજને તેની વર્તમાન પરિસ્થિતિમાંથી બહાર કાઢવા અને તેને મજબૂત બનાવવાના પવિત્ર ઉદ્દેશ સાથે કાર્ય કરે છે. આપણે બધાએ નક્કી કરવું જોઈએ કે આપણે પ્રાચીન હિન્દુ રાષ્ટ્રને પુનર્જીવિત કરવા માટે આપણા પુરા તન, મન અને ધનથી કામ કરવું પડશે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ આ પવિત્ર કાર્યને કર્તવ્યની ભાવના સાથે કામ કરવા માંગે છે. સદીઓથી ગુલામીની બેડીઓમાં જકડાયેલા આ દેશને પોતાના ઉધ્ધાર માટે સામાજિક સ્તરે આગળ આવવું પડશે. તો જ આપણે આપણા ઈતિહાસ અને પરંપરાના ખરા અર્થમાં હકદાર બનીશું. આ સંઘનો ઉદ્દેશ્ય છે. આપણે પોતાને ભૂલી ગયા અને પરિણામે આપણે પરાવલંબી બની ગયા. ગુલામી માટે ફક્ત આક્રમણકારો જવાબદાર નથી હોતા. આપણો સમાજ પણ વધુ જવાબદાર છે. કારણ કે આપણે નબળા પડી ગયા, કારણ કે આપણે બિનસંગઠિત રહ્યા, પરિણામે આપણે આપણી સંસ્કૃતિથી દૂર ગયા."

## વિચારપૂંજ

### સંકલન - હું એક સામાન્ય સ્વયંસેવક (રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અમરેલી જિલ્લો)

આ રીતે ડૉ. હેડગેવારજીએ ૧૧ મા વાર્ષિક સમારંભમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના મૂળભૂત ઉદ્દેશ્યને સૌની સમક્ષ રજૂ કર્યો. આઝાદીની ચળવળ પૂરજોશમાં ચાલી રહી હતી અને ભારતીય પ્રજા ગુલામીની સાંકળોને કાયમને માટે તોડી નાખવા કટિબધ્ધ થઇ હતી એવા સમયે ડૉ. હેડગેવારજીએ સંગઠનનો મહિમા સાવ સરળ ભાષામાં રજૂ કરીને સૌને પ્રેરણાના પીયૂષ પીવડાવ્યા હતા.

ત્યારબાદ ઈ.સ.૧૯૩૭ ના વાર્ષિક સમારંભમાં વિજયાદશમીના પવિત્ર દિવસે ડૉ. હેડગેવારજીએ કહ્યું કે,"રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની રચના ફક્ત આપણા હિન્દુઓના ઉદ્ધાર માટે જ થઈ હતી. સંઘનું કોઈ બીજું કે ત્રીજું લક્ષ્ય નથી. તેની એકમાત્ર આકાંક્ષા હિન્દુઓનો ઉદ્ધાર છે. પરંતુ આ કેવી રીતે શક્ય બનશે તે પહેલા વિચારવું જોઈએ. પોતાનો ઉદ્ધાર કરવા માટે જીવિત રહેવું જરૂરી છે. જે સમાજ બચશે તે જ પોતાને અને બીજાઓને બચાવશે એટલા માટે જ સંઘની સ્થાપના થઈ. હિન્દુ રાષ્ટ્ર પર ઘણા હુમલા થયા. સંઘ જાણે છે કે આજે પણ હુમલા થઈ રહ્યા છે અને કદાચ ભવિષ્યમાં પણ થશે. સંઘ એ પણ જાણે છે કે જે સમાજ બીજા સમાજ પર હુમલો કરે છે, તેના પર ત્રીજા લોકો દોષારોપણ કરે છે અથવા જેના પર હુમલો થાય છે તેના પર દયા બતાવવામાં આવે છે. તૃતીય પક્ષો માટે આ ઠીક છે. પરંતુ હુમલાખોરોને દોષ આપવાને બદલે જે સમાજ પર હુમલો થયો છે, તેણે હુમલાના કારણો શોધીને તેમને દૂર કરવા જોઈએ. જો આપણે હિન્દુ સમાજને આ દ્રષ્ટિકોણથી જોઈએ તો અત્યાચાર અને હુમલા પાછળનું કારણ આપણી મૂર્ખતા અને નબળાઈ જવાબદાર છે. આજે હિન્દુ સમાજ એટલો મૂર્ખ છે કે કોઈપણ આવીને આપણા સમાજ પર જુલમ કરી જાય છે. પરંતુ આજે પણ આપણે તેના વિશે વિચારતા નથી. સંઘને એ વાતનું ખૂબ દુઃખ છે કે આજે પણ આપણે સંગઠિત થવા માટે કોઈ પ્રયાસ કરતા નથી. પોતાનું રક્ષણ ન કરવાના વલણને કારણે હિન્દુ સમાજ પર ઘણા હુમલા થયા છે અને આજે પણ થઈ રહ્યા છે. જ્યાં સુધી આ વલણને મૂળમાંથી નાબૂદ કરવામાં નહીં આવે ત્યાં સુધી આ હુમલાઓ બંધ નહીં થાય. સંઘની ઈચ્છા છે કે હિન્દુઓની આ નબળાઈને જડમૂળથી ઉખેડી અને સમુદ્ર અને હિમાચલ સહિત ભારતના દરેક ખૂણામાં સંઘ શાખાઓનું વિસ્તરણ કરીને સમગ્ર હિન્દુ સમાજને સંગઠિત, મજબૂત અને સ્વરક્ષણાત્મક બનાવવામાં આવે."


ડૉ. હેડગેવારજી દ્વારા આ સમયગાળા દરમિયાન સંઘના કાર્યકર્તા વર્ગ અને ભૂમિકા નક્કી કરવાનું કાર્ય કરવામાં આવ્યું હતું. તેમણે રાષ્ટ્રીય પુનર્જીવન માટે એક માળખું તૈયાર કર્યું અને વિશ્વાસ વ્યક્ત કર્યો કે સંઘ હિન્દુ શુભેચ્છકોની મદદથી આ માળખાને પ્રત્યક્ષ સ્વરૂપમાં લાવવાનો પ્રયાસ પણ કરશે.

# ખુદનું દર્દ છુપાવી બીજાને હસાવવા - એક અનોખી ઉપાસના



### મનન ચિંતન
### ભરત બાવીશી

પોતાના દુઃખ દર્દ ઢાંકીને બીજાને ખુશ રાખવા ચહેરા પર સ્મિત રાખવું એ માનવતાની અતિ શ્રેષ્ઠ કલા છે. હૈયામાં દુઃખના ડુંગરને દબાવી રાખીને સામે મળેલ સ્નેહીને સ્મિત આપી શકવું એ ઈશ્વરને પ્રસન્ન કરવાનો અવસર છે કેમકે ઈશ્વર તો સૃષ્ટિના કણ કણમાં અને દરેક મનુષ્યના હૃદયમાં બિરાજમાન હોય છે. જીવનના રંગમંચ પર કેટલાંક લોકો એવા હોય છે, જેઓ બીજાને હસાવવાની અદ્ભુત કલા ધરાવે છે. તેમની ઉપસ્થિતિ માત્ર વાતાવરણને હળવું નથી કરતી, પણ આસપાસના હૃદયો પર આશાવાદના કિરણો વરસાવે છે. તેમની વાતોમાં એવી ચમત્કારિક શક્તિ હોય છે કે થાકેલો માણસ પણ સ્મિત કરવાનું શીખી જાય. આવા લોકોને ઈશ્વરે ખાસ એ માટે જ બનાવ્યા હોય કે મનુષ્ય સ્મિત કરતો રહે અને દુનિયા હળવી રહે. પરંતુ આ હાસ્ય પાછળ છુપાયેલું તત્વ ઘણી વાર લોકો સમજી શકતા નથી. હસવાની કલા ધરાવતા લોકોનું હૃદય સામાન્ય રીતે ખૂબ નાજુક હોય છે. તેઓ પોતાના દુઃખ પર રડવાના બદલે, હસીને એને જીતી લેવાની રીત પસંદ કરે છે. હસાવવું એ એક માત્ર મજાક કે વિનોદ નથી, પણ અમુક દેવદુર્લભ વ્યક્તિઓની એક સ્વભાવગત અનોખી લાક્ષણિકતા હોય છે. હસાવનાર વ્યક્તિ બીજાને ખુશ રાખવા માટે કે પોતાના અંગત લોકો દુઃખી ન થાય એ માટે, પોતાના મનના દુઃખોને અંતરમાં દબાવી રાખીને બીજાના મનમાં આનંદ જગાવે છે. જ્યારે મનમાં અનેક પ્રશ્નોરૂપી તોફાન ચાલતું હોય ત્યારે એ લોકો બીજાને હસાવીને પોતે પણ હળવા થવા પ્રયત્ન કરતા હોય છે. તેમની ખુશીનું રહસ્ય એ નથી કે તેમને કષ્ટ નથી, પરંતુ એ છે કે તેમણે કષ્ટને હાસ્યથી હરાવવાનું શીખી લીધું છે. પોતાનું દુઃખ છુપાવી રાખીને બીજાના ચહેરા પર સ્મિત લાવવાની શક્તિ દરેકને નથી મળતી. એ એક એવા સાધકની નિશાની છે, જે દુઃખને પણ ભક્તિમાં ફેરવી દે છે.





આપણી આસપાસ પણ આવો એકાદ મિત્ર, પાડોશી કે સંબંધી હોય જ, જે હર હાલમાં હસતો રહેતો હોય અને બધા માટે આનંદનો સ્ત્રોત હોય છે. એક વાર એક હંમેશા હસતો મિત્ર મળ્યો. બધાને આનંદ આપતો, મજાક કરતો. એક દિવસ જાણ્યું કે એ મિત્ર પોતાનાં જીવનમાં ભારે આર્થિક સંઘર્ષમાંથી પસાર થઈ રહ્યો હતો છતાં પણ રોજ હસતો, બીજાને પ્રેરણા આપતો. જ્યારે પૂછ્યું, "તું હંમેશાં એટલો ખુશ કેવી રીતે રહે છે?" તો એ હળવું સ્મિત કરીને બોલ્યો, "જ્યારે હું બીજાને હસાવું છું, ત્યારે મારી વેદના થોડી હળવી થઈ જાય છે. વળી જો હું હસતો ના રહું તો આસપાસના લોકો પણ નિરાશ થઈ જાય. તેથી હું બીજાને ખુશ રાખવા ખુદ હસીને બધાને હસાવું છું. મારી પાસે એવી કોઈ મોટી કેપેસીટી નથી કે હું લોકોને કોઈ આર્થિક મદદ કરી શકું પણ સારી અને હળવી વાતો કરીને સૌને હસાવી શકું છું, એમાં પણ મને આનંદ મળે છે." એ શબ્દો જીવનનો પાઠ બની ગયા કે હસાવવું એ દાન છે, જે આપનારને પણ શાંતિ આપે છે. હાસ્ય એ આત્માની દવા છે. જે બીજાને હસાવે છે એ પોતે ઈશ્વરની નજીક રહે છે, કારણ કે તે ઈશ્વરની રચનામાં આનંદ અને પ્રકાશ ફેલાવે છે. દુઃખ દરેકના જીવનમાં હોય છે, પરંતુ જ્યારે કોઈ માણસ બીજાને ખુશ રાખે છે, ત્યારે એ ખુદ પણ ધીમે ધીમે પોતાના દુઃખ ઉપર વિજય મેળવી લે છે. આમ દુવા આપવાની અને મેળવવાની પણ આ એક રીત છે. એ લોકો આપણી વચ્ચેના ખરા સંત છે, જે કોઈ મંદિર વિના પણ ઉપાસના કરે છે, હાસ્યને પ્રાર્થના માને છે અને સ્મિતને પૂજા સમાન ગણે છે. આવા હસાવનારા લોકો આપણને શીખવે છે કે હાસ્ય એ દુઃખરૂપી દર્દની દવા છે, અને બીજાને હસાવવાનું કૌશલ્ય પ્રાપ્ત કરવું એ પણ ઈશ્વરની આરાધના ગણાય છે. દુઃખી આત્માને સુખની પ્રસાદી આપવા સમાન કાર્ય ગણાય છે.

આવી વ્યક્તિના દરેક સ્મિત પાછળ એક કરુણાનો સંદેશ છુપાયેલ હોય છે કે હું તૂટ્યો નથી, હું હર હાલમાં જીવનના છેલ્લા શ્વાસ સુધી આજ ખમીર અને જમીરથી જીવીશ. આ ખોળિયામાં પ્રાણ હશે ત્યાં સુધી સ્વ પીડાને ક્યાંય પોકાર્યા વિના મારા નિર્દોષ અને નિખાલસ હાસ્યથી પરપીડા ઓછી કરવાના યથાયોગ્ય પ્રયત્નો કરતો રહીશ. સ્મિત એક એવું દાન છે જે મેળવનારને આશા આપે છે અને આપનારને પણ આનંદ આપે છે. માટે આ જગતના ચોકમાં જિંદગીના રંગમંચ પર જે પાત્ર ભજવવાનું આવે તે હસતાં હસતા ભજવી લેવાનું, કેમકે તારું મારું કરતા કરતા એક દિવસ ચાલ્યું જવાનું છે, અહીંનું ભેગુ કરેલું અહી જ પડ્યું રહેવાનું છે. સાથે તો માત્ર સારા કર્મોનું ભાથું જ આવવાનું છે. અને અંતે તો દુનિયાની યાદીમાં સ્મિતરૂપી સુવાસ જ રહેવાની છે. જય સચ્ચિદાનંદ.

# આત્મનિર્ભર ભારતનું ઉત્તમ ઉદાહરણ ખેડૂત





દિવાળીના તહેવારોનું આગમન થઈ રહ્યું છે. ખેડૂતોના ખેતરમાં લણણી(મોસમ) પડી ગઈ છે. મગફળી કયાંક - કયાંક લેવાઈ ગઈ છે તો કયાંક - કયાંક કાઢવાની તૈયારી ચાલુ છે. કપાસની દૂધ જેવી સફેદ કવોલીટીની વિણી આવી ગઈ છે. જેના વેચાણ થકી માર્કેટમાં ખરીદીની તેજી જોવા મળી રહી છે.

ગાય એ ભારતીય સંસ્કૃતિનું પ્રતિક છે. ગાય અને ગૌવંશથી ભૂતકાળમાં ખેતી થતી અને બળદથી થતી ખેતી બિન ખર્ચાળ તેમજ જમીન અને પર્યાવરણ માટે સુરક્ષિત હતી પરંતુ માનવીએ આધુનિકતાના નામે ખેતીની જમીન મૃત, પ્રદૂષિત કરી નાખી છે. ફરીથી ધરતી માતાને જીવંત કરવા માટે પ્રાકૃતિક ખેતી અને ગાય તેમજ પશુધનનો વધારો થશે તો જ ખેતી સમૃધ્ધ બનશે ઉપરાંત નકલી દૂધ, માખણ, ઘીનો વપરાશ ઘટશે.

આજે ભણેલા-ગણેલા એવા જુવાનીયાની વાત કરવી છે જેની ઉંમર ૩૩ વર્ષ છે અને ૧૨ ધોરણ સુધી અભ્યાસ કરી ઉચ્ચ અભ્યાસ આઈટીઆઈ ઓટોમોબાઈલ એન્જીનીયરીંગનો અભ્યાસ કર્યો છે.

પાટણ જિલ્લાના પાટણ તાલુકાના આંબાપૂરા ગામના માત્ર ૧૦ વિઘા જમીન ધરાવતા ચિમનભાઈ નોતરીયાના ખેડૂત પુત્ર નિર્મલભાઈની મહેનત, આવડતની સફળ વાત છે.

નિર્મલભાઈ પોતાનો અભ્યાસ પૂર્ણ કરીને અમદાવાદ ફેબ્રિકેશન એન્જીનીયરીંગની કંપની શરૂ કરીને વ્યવસાય સાથે જોડાયા. પરંતુ ખેડૂતના દીકરાનો જીવ ખેતી અને ગામડા સાથે હોય જ. એમ નિર્મલભાઈએ નક્કી કર્યું કે ધંધામાં સફળતા પછી ગામડે રહેવું અને વ્યવસાયલક્ષી ખેતી કરવી. આથી રાજીવ દિક્ષિતમાંથી પ્રેરણા લઈને ૨૦૧૮ થી પોતાના પરિવાર સાથે પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી.

ચોમાસા દરમ્યાન પોતાના ખેતરમાં મગ, અડદ, તલ જેવા વિવિધ કઠોળનું વાવેતર કરે છે. અને શિયાળા દરમ્યાન બંસી ઘઉં, સોનામોતી ઘઉંનું વાવેતર કરે છે. ખેત ઉત્પાદનનું ગ્રેડીંગ, શોર્ટીંગ કરીને એક કિલો, ૫ કિલો, ૨૦ કિલોના



### ઝાકળનું એક બિંદુ
### હિરેન હિરપરા

પેકિંગ બનાવી પોતાના ભાવે વેચાણ છે. દર વર્ષે ખરીદનાર વધતા જાય છે અને વસ્તુ ઘટે છે.

આજે પોતાની પાસે ૧૮ જેટલી ગાયો છે. ગાયના છાણ અને ગૌમૂત્રનો ઉપયોગ ખેતીમાં કરી જમીન ફરી ફળદ્રુપ બનાવી છે. જયારે ગાયના ઘીમાંથી વિવિધ ઔષધિય ઘી બનાવે છે. જેમાં પંચગવ્ય ઘી, ત્રિફળા ઘી, પંચતિર્થ ઘી, અર્જુન ધૃત ઘી જેવા આયુર્વેદિક દષ્ટીએ મહત્વ હોય તેવા ૧૫ જેટલા ઘી બનાવે છે. જેની કિલોની કિંમત પચ્ચીસ હજારથી અઢી લાખ સુધીની થાય છે. દવા માટે ૫૦ એમ.એલ.થી ૧૦૦ એમ.એલ. સુધીની જરૂરિયાત રહેતી હોય છે. દર મહિને ૫૦ કિલો જેવું ઘીનું વેચાણ કરે છે. જેના લીટરના ભાવ ૨૨૦૦ રૂપિયા છે. આ ઉપરાંત ગૌમૂત્રમાંથી અર્જુનસાલ અર્ક, સપ્તરંગી અર્ક જેવા વિવિધ અર્ક બનાવવામાં આવે છે. આ ઉપરાંત પંચગવ્ય સાબુ, ધૂપ સ્ટીક, કુંડા, પૂજાથાળી, ઘડીયાળ, માળા જેવી આત્મનિર્ભર ભારત અંતર્ગત લોકલ ફોર વોકલનાં મંત્રને સાર્થક કરવા વિવિધ વસ્તુઓ બનાવી રહ્યા છે. આ ઉપરાંત નિર્મલભાઈ પોતે એન્જીનીયર છે એટલે લોકો સ્વરોજગાર મેળવી શકે તે માટે એક મશીન બનાવ્યુ છે. જેમાં ગોબરમાંથી ૫૦ જેટલી વિવિધ વસ્તુઓ બનાવી શકાય છે.

નિર્મલભાઈનો સંપર્ક નં.૯૭૧૪૩ ૨૨૦૭૪ છે.

### :: તિખારો ::

**સંબંધોની લાગણીમાં મધદરિયે આપણને પોતાના શોખ પુરા કરવા માટે છોડી જનાર વ્યક્તિને કોઈ પૂછવાનો કે જાણવાનો અધિકાર નથી કે આપણે સફળ કેમ થયા, લાગણીઓ રડતી રહે અને જુઠ્ઠુ હાસ્ય બજારમાં વેચાય છે.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# ખેતી કાર્યો

## ડાંગર::

પાનનો ઝાળ રોગના નિયંત્રણ માટે ૧ ગ્રામ સ્ટેપટોમાયસીન + ૨૦ ગ્રામ કોપર એકઝીકલોરાઈડ ૧૦ લિટર પમ્પમાં નાખી છંટકાવ કરવો.

## દિવેલાનો ઝાળ રોગ::



રોગની શરુઆતમાં પાન ઉપર આછા ભૂરા રંગના ડાઘ પડે છે. જે ધીમે ધીમે બદામી રંગના થઈ જાય છે.



- નિયંત્રણ માટે રોગની શરૂઆત થતા તુરંત જ ૧૦ લિટર પાણીમાં મેન્કોઝેબ ૨૫ ગ્રામ અથવા તાંબાયુક્ત દવા કોપર ઓક્ઝીક્લોરાઈડ ૪૦ ગ્રામ પમ્પમાં નાખી છંટકાવ કરવો. રોગ વધે તો ૧૫ દિવસે બીજો છંટકાવ કરવો.
- દિવેલા ૧૦૦ દિવસના થાય ત્યારે ૮૪ કિલો યુરિયા પૂર્તિ ખાતર આપવું. ભલામણ મુજબ ૬ થી ૮ પિયત ૫૦ મી.મી. ઉંડાઈના આપવા જે પૈકી વરસાદ બંધ થયેથી ૧ માસ બાદ ૪ પિયત ૧૫ દિવસના અંતરે, બાકીના ૨૦ દિવસના અંતરે આપવા.

## તુવેર : મોલોમસી::

**ઓળખ :** બચ્ચાં તેમજ પુખ્ત મોલો પીળાથી કાળાશ પડતાં રંગના અને પોચા શરીરવાળા હોય છે. તેના શરીરનાં પાછળના ભાગે નળી જેવા બે ભાગ આવેલા હોય છે. પુખ્ત મોલો પાંખવાળી અથવા પાંખ વગરની હોય છે.

**નુકસાન :** સામાન્ય રીતે આ જીવાતનો ઉપદ્રવ ચોળા તેમજ વાલનાં પાકમાં વધારે પ્રમાણમાં જોવા મળે છે. આ જીવાત છોડની કૂમળી ડાળી, પાન અને શીંગોમાંથી રસ ચૂસે છે, પરિણામે પાન પીળા પડી જાય છે. છોડની વૃદ્ધિ અટકે છે. મોલો પોતાનાં શરીરમાંથી મધ જેવો ચીકણો પદાર્થ બહાર કાઢે છે. જે પાંદડાની સપાટી પર ચોંટે છે અને પાન ચમકતા દેખાય છે. જેને ખેડૂતો મધિયો આવ્યો તેમ કહે છે. આ પદાર્થ પર કાળી ફૂગ વૃદ્ધિ પામે છે, જેના લીધે આખા છોડ કાળા રંગનાં દેખાય છે. પાન કાળા થઈ જતાં પ્રકાશ સંશ્લેષણની ક્રિયામાં અવરોધ ઉભો થાય છે. જેથી ઉત્પાદકતા પર માઠી અસર થાય છે. આ જીવાત વિષાણુંજન્ય રોગો જેવા કે ચોળામાં પીળીયો અને ચણામાં સ્ટન્ટ રોગોનો ફેલાવો કરે છે.

**નિયંત્રણ:** શોષક પ્રકારની દવા, જેવી કે ડાયમીથોએટ ૧૦ મિ.લિ. અથવા ફલોનીકામાઈડ ૩ ગ્રામ અથવા થાયામીથોકઝામ ૪ ગ્રામ અથવા ઈમિડાકલોપ્રીડ ૪ મિ.લિ. દવા ૧૦ લિટર પાણીમાં મેળવીને જરૂરત મુજબ છંટકાવ કરવો.

## કપાસ::

- ભલામણ મુજબ ૬ થી ૮ પિયત ૫૦ મી.મી. ઉંડાઈના આપવા જે પૈકી વરસાદ બંધ થયેથી ૧ માસ બાદ ૪ પિયત ૧૫ દિવસના અંતરે, બાકીના ૨૦ દિવસના અંતરે આપવા.

. ખેતરમાં પરજીવી પરભક્ષીઓની જાળવણી કરવી.

હવે ચોમાસાએ લગભગ વિદાય લઈ લીધી છે એટલે શિયાળુ પાક માટે આયોજન કરી રાખો. હાલ વધુ વરસાદ પછી કપાસમાં સુકારો આવવાની શક્યતા :

વરસાદ પછી જો કપાસનો છોડ નમી ગયેલ હોય તો તેને ઉભો કરી પગથી દબાવી દેવો જોઈએ, ત્યાર બાદ યુરિયા અથવા એમોનીયા સાથે ૧૫૦ ગ્રામ સાફ, ૧૫૦ ગ્રામ બ્લુ કોપર મિક્સ કરીને કપાસના થડે - થડે આપવું જોઈએ, ત્યાર બાદ કૂવા અથવા બોરનું પાલર પાણી કાઢવું, પાવું જોઈએ.

હાલ વધુ વરસાદ પછી ખેતરોમાં રહેલા ઉભા પાક કપાસમાં ગુલાબી ઈયળના નિયંત્રણ માટે પ્રાથમિક અખતરાઓ તેમજ ભલામણ જણાવી છે. જેમાં ખેતરમાં શેઢાપાળે રાખેલ સાઠીઓનો બાળીને નાશ કરવો, કપાસમાં શરૂઆતની અવસ્થાએ જૈવિક દવા સાવજ બ્યુવેરીયા ૬૦ ગ્રામ દસ લિટર પાણીમાં સ્ટીકર સાથે ભેળવી છોડ પુરેપુરો પલળી જાય તે રીતે છંટકાવ કરવો. જ્યારે સોયાબીનના વાવેતરમાં લશ્કરી નામની ઈયળોનો ઉપદ્રવ જોવા મળી રહ્યો છે જેનાં નિયંત્રણ માટે જૈવિક જંતુનાશક દવાઓ જેવી કે બ્યુવેરીયા બાસીયાના ૮૦ ગ્રામ/પંપ અથવા બેસીલસ થુરીન્જીનેસીસ (બી.ટી.) ૧૫-૨૦ મિ.લિ./પંપ અથવા વિષાણું આધારિત ગીર સાવજ એચ.એન.પી.વી., એસ.એન.પી.વી. ૨૫ મિ.લિ./પંપ પ્રમાણે અઠવાડિયાના અંતરે જરૂરિયાત મુજબ છંટકાવ કરવાથી પણ નિયંત્રણ લાવી શકાય તેમ છે.

## શેરડી :

- વહેલી રોપણી માટે કો ૮૩૩૮, કો એન – ૯૫૧૩૨ કો એન – ૦૩૧૩૧, ૦૫૦૭૧ તથા કો – ૯૪૦૦૮ તેમજ કોસી – ૬૭૧ અથવા ૮૬૦૩૨ વાવી શકાય.
- મધ્યમ મોડી વાવણી માટે કો એન – ૯૧૧૩૨, કો એલ કે – ૮૦૦૧ કો એન – ૮૫૧૩૪, ૦૫૦૭૨ તથા કો – ૯૯૦૦૪ નું વાવેતર કરવું.
- મોડી પાકતી જાતોઃ કો. ૬૨૧૭૫, કો.૬૩૦૪
- ત્રણ આંખના ટુકડા ૩૫૦૦૦ હેકટરે વાવવા. અને શેરડીના કટકાને ૧૦ લિટર પાણીમાં ૨૦ ગ્રામ એમીસાન અથવા બાવીસ્ટીન (કાર્બેડાઝીમ) અને ૨૦ મિ.લિ. મેલાથીયોનનું દ્રાવણ બનાવી કટકાને પાંચ મિનિટ બોળી વાવેતર કરવું. તેમાં ખાતર : ૨૫૦ – ૧૨૫ – ૧૨૫ / હે આપવું.
- સૌરાષ્ટ્રની આબોહવાકીય વિસ્તારમાં શેરડીની જાત કો એન ૦૫૦૭૧ (ગુજરાત શેરડી-૫) તેમજ દક્ષિણ ગુજરાત માટે શેરડી - કો - એન - ૧૩૦૭૨નું વાવેતર કરવું.
- ગરમ પાણીથી માવજત : ૫૦૦ સે. તાપમાન ધરાવતાં પાણીમાં બે કલાક સુધી શેરડીના કટકાને રાખવામાં આવે તો રાતડા અને ચાબુક આંજીયા રોગોના નિયંત્રણ માટે અસરકારક સાબિત થાય છે.

## શાકભાજી::

- ડુંગળીમાં કુકડુ રોગ ન આવે તે માટે પ્રોપીનાઝોલ ૪૦ ગ્રામ અને કાર્બેન્ડાઝીમ ૧૫ ગ્રામ ૧ પંપમાં વારાફરતી કોઈ એક દવા નાખી ૧૫ દિવસના અંતરે ૩ છંટકાવ કરવા.
- ડુંગળી નાસિકના ધરુને ફેરરોપણી અથવા સીધુ બીજ નાંખીને પણ વાવી શકાય.
- ભીંડામાં હવામાન ગરમ હોય તો પાન કથીરીનો ઉપદ્રવ વધે તો ઈથીઓન ૩૦ મિ.લિ. પંપમાં નાખી છંટકાવ કરવો.
- વેલા વાળા શાકભાજીમાં તળછારાના નિયંત્રણ માટે મેન્કોઝેબ ૪૦ ગ્રામ અથવા ક્લોરોથેલોનીલ ૨૭ ગ્રામ અથવા ફોઝેટાઈલ ૧૨.૫ ગ્રામ ૧૦ લિટર પાણીમાં પંપમાં નાખી છંટકાવ કરવો.
- મરચી પાકમાં મિક્સ માઈક્રોન્યુટ્રીયન્ટ ગ્રેડ – ૪ ૧૦૦ ગ્રામ પંપમાં નાખી ૧૦ દિવસના ગાળે બે છંટકાવ કરવા.



ડો.જી.આર. ગોહિલ, જૂનાગઢ
કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢ.
ફોન : ૯૨૭૫૭૦૮૩૪૨


## લસણ ::

- લસણના પાકને ઠંડી અને સુકી આબોહવા વધુ માફક આવે છે. લસણની કળીઓના વિકાસ માટે ઠંડી અને લાંબી રાત્રિવાળુ વાતાવરણ વધુ માફક આવે છે.
- લસણનું વાવેતર ૧૦ થી ૨૦ ઓકટોબર દરમ્યાન કરવાથી વધુ ઉત્પાદન મળે છે.
- લસણનું વાવેતર ઓરીને કરવું જોઈએ જે માટે હેકટરે ૭૦૦ કિ.ગ્રા./હે કળીઓની જરૂર પડે છે.
- લસણની નિકાસ માટે યમુના સફેદ-૩ (જી-૨૮૨), એગ્રીફાઉન્ડ પાર્વતી, જીજી-૨, ૪ અને જીજી-૫ જાતોનું વાવેતર કરવું જોઈએ. જયારે પાવડર માટે જીજી-૩, એગ્રીફાઉન્ડ સફેદ(જી-૪૧) કે યમુના સફેદ-૨ (જી-૫૦) જાતનું વાવેતર કરવું.
- દર વર્ષે એકની એક જમીનમાં લસણનું વાવેતર ન કરતા પાકની ફેરબદલી કરવી. શકય હોય તો લસણનું વાવેતર નવી જમીનમાં કરવું અને દર વર્ષે લસણના બિયારણની અદલાબદલી કરવી જોઈએ.
- નિંદણ નિયંત્રણ માટે વાવેતર બાદ પ્રથમ પિયત પછી બીજા દિવસે પેન્ડામીથેલીન ૪૦ મિ.લિ. દવા અથવા તો વાવેતર પહેલા બાસાલીન ૪૦ મિ.લિ. દવા ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો

## બાગાયત ::

- લીંબુમાં બદામી ટપકાના નિયંત્રણ માટે કોપર એકઝીકલોરાઈડ ૪૦ ગ્રામ અને ૧.૫ ગ્રામ સ્ટ્રેપ્ટોસાયક્લીનના બે છંટકાવ ૧૫ દિવસના ગાળે કરવા.
- નાળિયેરીનાં વાવેતર માટે વાનફેર, લોટણ, ડી×ટી અને ટી×ડી જાતનું વાવેતર કરવું.
- નાળિયેરીનાં પાકમાં આંતરપાક તરીકે કેળ, સૂરણ, તાનીયા, હળદર જેવા પાકો વાવી શકાય.
- આંબામાં ઓક્ટોબર કે નવેમ્બર માસમાં પોટેશિયમ નાઈટ્રેટ ૨ ટકાના દ્રાવણના બે છંટકાવ કરવા.
- ચીકુમાં બીજ કોરી ખાનારી જીવાતના નિયંત્રણ માટે ચોમાસા પછી ઓકટોબર અને નવેમ્બર મહિનામાં પોલીટ્રીનસી-૧૦ મિ.લિ. અથવા પ્રોફેનોફોસ ૧૨.૫ મિ.લિ. અથવા લેમડા -સાયહેલોથ્રીન-૧૦ મિ.લિ. દવાનું ૧૦ લિટર પાણીમાં મિશ્રણ ૨૦ થી ૨૫ દિવસના અંતરે કરવાથી નિયંત્રણ થાય.
- સુકારાના નિયંત્રણ માટે રોગગ્રસ્ત ઝાડ ફરતેથી માટી દૂર કરી ૨૦ દિવસના અંતરે ત્રણ વાર ૨૦ લિટર પાણીમાં ૨૦ ગ્રામ કાર્બેન્ડીઝીમ દવા અને ૨૦૦ ગ્રામ યુરિયા ભેળવી રેડવું
- ચોમાસા પછી ચીકુમાં સુકારો રોગ આવે છે. તેના નિયંત્રણ માટે પ્રથમ તો ચીકુવાડીયામાં ડાંગર જેવા પાક લેવા જોઈએ નહી. ચોમાસામાં પાણી ભરવા દેવું નહી. ઝાડ ફરતે નિતારનીકની વ્યવસ્થા કરવી. ચીકુવાડીયામાં સેન્દ્રિય ખાતરો સાથે ટ્રાયકોડર્મા મિશ્ર કરી રીંગ બનાવી જમીનમાં આપી જૈવિક નિયંત્રણ પણ કરી શકાય છે.
- ચોમાસું પૂરુ થયા પછી બોરના ઝાડ ફરતે કાળા પ્લાસ્ટિકનું મલ્ચ (૨૫ માઈક્રોન) પાથરવાથી વધુ ઉત્પાદન મળે છે.
- લીંબુના પાકમાં પાન કોરીયા અને કાળી માખીના નિયંત્રણ માટે ઈમિડાક્લોપ્રીડ (૪ મિ.લિ./૧૦ લિટર) નો છંટકાવ કરવો.






**પરભક્ષી કીટકોઃ** પરભક્ષી કીટકોમાં દાળિયા (લેડી બર્ડ બીટલ), ક્રાયસોપા અને પરભક્ષી ચૂસિયાં નુકસાનકારક જીવાતના જૈવિક નિયંત્રણ માટે અગત્યના છે. દાળિયાની ઈયળ અને પુખ્ત એમ બંને અવસ્થા મોલો, તડતડીયાં, સફેદમાખી, થ્રીપ્સ, ચિટકો અને ભીંગડાવાળી જીવાતનું ભક્ષણ કરી તેની વસ્તીનું કુદરતી રીતે જ નિયંત્રણ કરે છે. આ પરભક્ષી કીટકને આપણે ત્યાં પ્રયોગશાળામાં મોટા પાયા પર ઉછેરવાની તાંત્રિકતા હજુ સુધી વિકસાવેલ જ હોય વ્યાપારી ધોરણે ઉત્પાદન થતું નથી. તે જ રીતે ક્રાયસોપા કે જેને ખેડૂતો લીલી પોપટી તરીકે ઓળખે છે. તેની ઈયળ અવસ્થા મોલો ઉપરાંત અન્ય પોચા શરીરવાળી જીવાતો અને લીલી ઈયળના ઈંડાં પર નભે છે. ક્રાયસોપાની ઈયળ પોતાના ૬ થી ૮ દિવસના જીવનકાળ દરમ્યાન લગભગ ૨૫૦-૩૦૦ જેટલી મોલોનો સંહાર કરે છે. કપાસનાં પાકને ફરતે મકાઈ અને જુવાર ઉગાડવાથી તેની પરાગરજ પર ક્રાયસોપા અને દાળિયા નભે છે અને આવા પરભક્ષી કીટકોની વસ્તી વધતી હોવાનું જણાયેલ છે. સામાન્ય રીતે કપાસના પાકમાં પ્રતિ હેકટર વિસ્તાર દીઠ ૧૦ થી ૧૪ હજાર ક્રાયસોપાની ઈયળો (૨ થી ૩ દિવસની) છોડવાથી મોલોની વસ્તી કાબૂમાં રહે છે. ટ્રાયકોગ્રામા ભમરીની માફક ક્રાયસોપાને પણ ચોખાના ફૂદાંના ઈંડાં પર પ્રયોગશાળામાં મોટા પાયા પર ઉછેર કરી શકાય છે તેથી કેટલાક રાજયોમાં તે વ્યાપારી ધોરણે મળતા થયા છે.

દાળિયાં અને ક્રાયસોપા ઉપરાંત મેન્ટીડ, સ્ટેફેલીનીડ, ટાઈગર બીટલ( શિકારી ઢાલીયા) જુદી જુદી જાતિના કરોળિયાં વગેરે નુકસાનકારક જીવાતોનું ભક્ષણ કરી કુદરતી રીતે તેની વસ્તી કાબૂમાં રાખે છે. કેટલાક પરભક્ષી પક્ષીઓ જેવા કે કાળિયોકોશી, બગલો, કાબર, ચકલી વગેરે જીવાતોને વીણીને ખાય છે. આવા કીટકભક્ષી પક્ષીઓને ખેતરમાં બેસવા માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે તો જૈવિક નિયંત્રણમાં તેનો લાભ મેળવી શકાય છે. આ ઉપરાંત જીઓકોરીસ પણ અગત્યનું પરભક્ષી કીટક છે જે પાકને નુકસાન કરતી ચૂસિયાં પ્રકારની જીવાતો જેવી કે મોલો, તડતડીયાં, સફેદમાખી, થ્રીપ્સ, પાનકથીરી, ચિટકો તથા નુકસાનકારક જીવાતોના ફૂદાં-પતંગિયાએ મૂકેલાં ઈંડાં અને પ્રથમ અવસ્થાની નાની ઈયળોનું ભક્ષણ કરે છે. પરભક્ષી કીટકો ઉપરાંત કેટલાક પરભક્ષી કરોળિયાં પણ કુદરતમાં જીવાતોના જૈવિક નિયંત્રણમાં અગત્યનો ભાગ ભજવે છે. ડાંગરમાં કરોળીયાની વસ્તી વધારવા, રોપણી પછી ૧૫ થી ૨૦ દિવસે ૮૦ કિગ્રા ઘઉં/રજકાનું ભૂસું નાખવાથી પાન વાળનાર ઈયળનું જૈવિક નિયંત્રણ કરી શકાય છે.

## પશુઓમાં આઉનો સોજો(મસ્ટાઈટીસ)અટકાવવાના ઉપાયો :

- દૂધ દોહનમાં નિયમિતતા.
- આઉં અને આંચળને દૂધ દોહન પહેલા ટીટ ડીપ દ્રાવણથી સાફ કરવું.
- દૂધ દોહન બાદ પશુને ૧૫-૨૦ મિનિટ સુધી નીચે બેસતું અટકાવવું.
- પશુના રહેઠાણમાં સિમેન્ટ કોંક્રીટના પાકા ભોયતળીયા ન બનાવવા.

## ઘઉં::

- પિયત ઘઉં માટે વહેલી વાવણી માટે જીડબલ્યુ– ૧૯૦ ● સમયસરની વાવણી માટે જીડબલ્યુ– ૧૯૦ અનેલોક -, જીડબલ્યુ – ૪૯૬, ૧૯૦, ૫૦૩, ૨૭૩, ૩૨૨, ૩૬૬, ૧૧૩૯, ૪૫૧, ૪૬૩, રાજ – ૧૫૫૫
- બિનપિયત માટે અરણેજ – ૨૦૬, જીડબલ્યુ – ૧, ૨ ● મોડા વાવેતર માટે જીડબલ્યુ –૧૭૩, લોક-૧નું વાવેતર કરવું.

# અડદની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ





અડદ એ એક કઠોળ છે. આ કઠોળ દક્ષિણી એશિયામાં ઉગાડવામાં આવે છે. અડદનું મૂળ ઉદ્ગમ ભારત મનાય છે. પ્રાચીન સમયથી ભારતમાં અડદ ખવાતા આવ્યા છે. અડદની ખેતી ચોમાસા અને ઉનાળામાં થઈ શકે છે.

**૧. જાતની પસંદગી :** ગુજ.અડદ-૨, અંજની (ગુજ. અડદ-૩), ટી-૯, ટી.પી.યું-૪

**૨. બિયારણ દર અને બીજ માવજતઃ-** એક હેક્ટર જમીનમાં વાવેતર કરવા ૧૫ થી ૨૦ કિ. બિયારણની જરૂર પડે છે. જમીન અને બીજજન્ય રોગોથી પાકને બચાવવા તથા એકમ વિસ્તારમાં છોડની પૂરતી સંખ્યા જાળવવા બીજને થાયરમ અથવા કાર્બનડેઝીમ ફુગનાશક દવાનો ૩ ગ્રામ પ્રતિ કિલો પ્રમાણે પટ આપવો.

**૩. બીજ માવજતઃ-** બીજને વાવતા પહેલા બીજ પ્રમાણે ફુગનાશક દવા કાર્બાડેંઝિમ ૨ ગ્રા/કિ.ગ્રા. બીજ તથા ટ્રાયક્રોડર્મા પાઉડર ૪ ગ્રા/કિ.ગ્રા. બીજ માવજત આપવી.

**૪. વાવણી સમયઃ-** સમયસર વાવણી કરવી ખુબ જ જરૂરી છે. ચોમાચામાં જૂન-જુલાઈ માસમાં વાવેતર કરી દેવું જોઈએ. જયારે ઉનાળામાં ફેબ્રુઆરી- માર્ચ માસમાં વાવેતર કરવું.

**૫. વાવણી અંતરઃ-** બે ચાસ વચ્ચે ૪૫ સેમી તથા બે હાર વચ્ચે ૧૦ સેમી પ્રમાણે વાવેતર કરવું.

**૬.ખાતર વ્યવસ્થાપન :** વાવણી કરતા પાયામાં રાસાયણિક ખાતર ૨૦-૪૦-૦ કિ.ગ્રા. એન-પી-કે પ્રતિ હેક્ટર પ્રમાણે તથા ૨૦ કિ.ગ્રા/હે સલ્ફર આપવું. છાણિયુ ખાતર ૮ થી ૧૦ ટન/હે જમીન તેયાર કરતી વખતે આપવું.

**૭.પિયત વ્યવસ્થાપનઃ** ચોમાસામાં મોટે ભાગે પિયતની જરૂર પડતી નથી પણ જો વરસાદ ખેંચાય અને પિયતની સગવડ હોય તો જરૂર મુજબ હલકુ પિયત કરવું. ઉનાળુ અડદને વાવણી કરી પ્રથમ પિયત કરવું, ત્યાર બાદ બીજુ પિયત ૨૫ થી ૩૦ દિવસે ફુલ આવવાની શરૂઆત થાય પછી આપવું. ફુલ આવવાની શરૂઆત પહેલા વધુ પડતો ભેજ અને નાઈટ્રોજનની વધારે લભ્યતા છોડની એકલી વાનસ્પતિક વૃધ્ધિ કરે છે. જમીન હલકી હોય તો ૨૦ દિવસે પિયત આપવું અને ત્યાર પછી ૧૦ થી ૧૫ દિવસનાં અંતરે ૩ થી ૪ પિયતની જરૂર પડે છે.

**૮. નિંદણ વ્યવસ્થાપનઃ** વાવેતર બાદ પેન્ડીમેથાલિન ૩ લિ./હે. નિંદણનાશકનો ઉપયોગ કરવો અને જો નિંદણનાશકનો ઉપયોગ ન કરવામાં આવે તો પાકને નિંદણમુક્ત રાખવા માટે ૨ થી ૩ નિંદણ કરવા અથવા જમીનમાં સપ્રમાણ ભેજ અવસ્થાએ આંતર ખેડ કરી નિંદણમુકત રાખવું.

**૯. રોગ વ્યવસ્થાપનઃ** ● સુકારા પ્રતિકારક જાતોનું વાવેતર કરવું. ● પીળા પંચરંગીયા રોગવાળા છોડનો શરૂઆતથી જ ઉખેડીને નાશ કરવો. ● સ્યુડોમોનાસનો ૧૦ મિ.લિ. પ્રતિ લિ. છંટકાવ કરવો. ● ટ્રાયક્રોડર્માને છાણીયા ખાતર સાથે મિશ્ર કરી જમીનમાં આપવું.

**૧૦. કિટક વ્યવસ્થાપનઃ** ● શેઢા પાળાની સાફ સફાઈ રાખવી. ● ટ્રાયકોકાર્ડ ૪૦ પ્રતિ હેકટરે મુકવા. ● લિમડાં આધારીત દવાનો છંટકાવ કરવો. ● બેસીલસ થુરેંજીનેસીસ ૧ કિ.ગ્રા. પ્રતિ હેકટરે છંટકાવ કરવો.

ટી.વી. ધેવરીયા, આર. કે. કાલરીયા અને એન.વી. રાદડીયા
- મુખ્ય જુવાર સંશોધન કેંદ્ર, અઠવા ફાર્મ, સુરત,
- અસ્પીશકીલમ બાયોટેકનોલોજી ઈન્સ્ટીટયુટ, ન.કૃ.યુ, નવસારી, સુરત

# સીતાફળની ખેતી અને તેનું મૂલ્યવર્ધન

ગુજરાતમાં સીતાફળ એ સૌથી વધુ ઉગાડવામાં આવતા ફળોમાંનું એક છે. ભાવનગર, અમદાવાદ, દાહોદ, પંચમહાલ, વડોદરા અને જૂનાગઢ વિગેરે જેવા જિલ્લાઓ સીતાફળનું ઉત્પાદન કરવામાં મોખરે છે.

**સીતાફળની જાતો :-** ભારતમાં સીતાફળની ઘણી જાતો પ્રચલિત છે. તેમાથી મુખ્ય મેમથ, વોશિંગ્ટન, સિંધન, લાલ સીતાફળ, બાલાનગર વિગેરે છે. તેમાંથી સિંધન અને બાલાનગર ગુજરાતની મુખ્ય જાતોમાંની એક છે.

**જમીન અને આબોહવા :-** સીતાફળ એ ઊષ્ણ કટીબંધીય આબોહવામાં પાકતું ફળ છે તેમજ સીતાફળના વાવેતર માટે કોઈપણ પ્રકારની જમીન માફક આવે છે. સીતાફળના છોડના વિકાસ તેમજ ફળ બેસવાના સમયે વાતાવરણમાં ભેજનું પ્રમાણ અને સામાન્ય ગરમી હોવી જરૂરી છે. પરંતુ સતત પડતો વરસાદ ફળ બેસવાની પ્રક્રિયાને નુકસાન કરી શકે છે.

**નર્સરીનો ઉછેર :-** સીતાફળની નર્સરી બનાવવા માટે બીજને ૨.૦ સે.મી. ઊંડે જમીનમાં અથવા કુંડામાં રોપી છોડને સારી રીતે ઉછેરી શકાય છે. જમીનમાં ભેજનું પ્રમાણ જળવાઈ રહે તે માટે નિયમીત પાણી આપવું જરૂરી છે. જ્યારે રોપાની ઉંચાઈ ૩૦ સે.મી. થાય ત્યારે તેને જમીનમાં ખાડો કરી યોગ્ય ખાતર સાથે વાવવું જોઈએ.

શ્રી એસ.એસ. દરજી, વિષય નિષ્ણાત- બાગાયત
શ્રીમતી હિનાબેન એમ. પટેલ,
વિષય નિષ્ણાત- ગૃહ વિજ્ઞાન કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જી. પાટણ

**જમીનમાં ફેરબદલી અને કાપણી :-**

સીતાફળના રોપાની વાવણી કરતાં પહેલા જમીનમાં ૬૦x૬૦x૬૦ સે.મી. માપના ખાડા તૈયાર કરી તેના પર એક અઠવાડિયા સુધી સૂર્યની ગરમી પાડવા દેવી. તૈયાર કરેલ ખાડામાં સારી ગુણવત્તા વાળું ખાતર અને માટીને બરોબર ભેળવીને નાખવું. સીતાફળનાં છોડના ઘેરાવાને તેમજ તેના વિકાસને ધ્યાનમાં રાખીને વાવણી સમયે બે છોડ વચ્ચેનું અંતર ૫x૫ મીટર રાખવું. સીતાફળના છોડના વિકાસ તેમજ સારું ઉત્પાદન મેળવવા માટે છોડની વધારાની ડાળીઓને સમયાંતરે કાપણી કરવી જોઈએ.



**ખાતર :-** છોડનું આયુષ્ય વધારવા, છોડના સંવર્ધન અને ગુણવત્તાસભર ઉત્પાદન મેળવવા માટે છોડમાં પ્રમાણસર ખાતર આપવું જરૂરી છે. સીતાફળ છોડના થડમાં ખાતર આપવાના બદલે થડથી ૩૦ સે.મી. ગોળ મારીને ખાતર આપવું હિતાવહ છે. સીતાફળના છોડમાંથી વધુ ઉપજ મેળવવા માટે પ્રતિ છોડ ૨૫૦ ગ્રામ નાઈટ્રોજન, ૧૨૫ ગ્રામ પોટાશ અને ૧૨૫ ગ્રામ ફૉસ્ફરસનો ડોઝ આપવો જોઈએ. (ક્રમશઃ)

# અફઘાનિસ્તાને જમ્મુ-કાશ્મીરને ભારતનો હિસ્સો ગણાવતા પાકિસ્તાનના પેટમાં તેલ રેડાયું

(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૨




ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે દ્વિપક્ષીય સંબંધો મજબૂત કરવા માટે જાહેર કરાયેલા સંયુક્ત નિવેદનના એક દિવસ બાદ જ પાકિસ્તાને સખત વાંધો ઉઠાવ્યો છે. પાકિસ્તાને ન કેવળ સંયુક્ત નિવેદનના કેટલાક અંશો પર નારાજગી વ્યક્ત કરી, પરંતુ અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી અમીર ખાન મુત્તકીની ભારત મુલાકાત દરમિયાન આપેલા નિવેદનો પર પણ તીખી પ્રતિક્રિયા આપી છે.

પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે કહ્યું કે, સંયુક્ત નિવેદનમાં જમ્મુ-કશ્મીરને ભારતનો હિસ્સો ગણાવવો એ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના સંબંધિત ઠરાવોનું સ્પષ્ટ ઉલ્લંઘન છે. આના પર પાકિસ્તાને પોતાની ગંભીર આપત્તિઓ ભારત અને અફઘાનિસ્તાન બંનેને ઔપચારિક રીતે જણાવી છે. પાકિસ્તાને આ વાંધો વધારાના વિદેશ સચિવ (પશ્ચિમ એશિયા અને અફઘાનિસ્તાન)ને પણ આપ્યો છે. ૧૦ ઑક્ટોબરે જાહેર કરાયેલા ભારત-અફઘાનિસ્તાનના સંયુક્ત નિવેદનમાં, વિદેશ મંત્રી એસ. જયશંકરે અફઘાનિસ્તાનનો આભાર વ્યક્ત કર્યો હતો કે તેમણે ૨૨ એપ્રિલે પહેલગામમાં થયેલા આતંકી હુમલાની સખત નિંદા કરી. બંને દેશોએ આતંકવાદની દરેક પ્રકારની કાર્યવાહીની નિંદા કરી અને ક્ષેત્રમાં શાંતિ, સ્થિરતા અને પરસ્પર વિશ્વાસ વધારવાની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો.

# ઉત્તરાખંડમાંથી આવતા ઠંડા પવનોને કારણે ઉત્તર ભારતમાં તાપમાન ગગડ્યું

દહેરાદૂન,તા.૧૨



ઉત્તરાખંડમાં વરસાદ બંધ થઈ ગયો હોવાથી તાપમાનમાં પણ ઘટાડો થયો છે. ૧૨ ઓક્ટોબરના રોજ, રાજ્યના તમામ ૧૩ જિલ્લાઓમાં હવામાન શુષ્ક રહેશે. જોકે, સવાર અને સાંજે વાતાવરણ ઠંડુ રહેશે, જ્યારે મેદાની વિસ્તારોમાં તડકો રહેશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, પર્વતીય વિસ્તારોમાં આંશિક વાદળછાયું વાતાવરણ રહેશે. તડકાને કારણે મેદાની વિસ્તારોમાં તાપમાન સામાન્ય રહેશે. જોકે, તાપમાન સામાન્યથી નીચે રહેશે, જેના કારણે ઠંડી વધશે. ઉત્તરાખંડથી આવતા ઠંડા પવનો ઉત્તર ભારતમાં સવાર અને સાંજે ઠંડીમાં વધારો કરશે. હાલમાં, રાજ્યમાં વરસાદ કે હિમવર્ષાની કોઈ શક્યતા નથી. ૧૫ ઓક્ટોબર સુધી સમગ્ર રાજ્યમાં સ્વચ્છ હવામાન રહેવાની અપેક્ષા છે. દહેરાદૂનમાં, આજે હવામાન શુષ્ક રહેશે, પરંતુ દિવસ દરમિયાન થોડું ગરમ રહેશે, જેના કારણે ભેજનું પ્રમાણ હળવું રહેશે. મહત્તમ તાપમાન ૩૧ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૧૯ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની ધારણા છે.

# ઓપરેશન બ્લુ સ્ટાર મોટી ભૂલ હતી જેની કિંમત ઈન્દિરાજીએ પોતાના જીવથી ચૂકવી : પી. ચિદમ્બરમ

(એચ.એસ.એલ),કસૌલી,તા.૧૨




ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રી અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા પી. ચિદમ્બરમે ઓપરેશન બ્લુ સ્ટાર અંગે એક મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે તે એક મોટી ભૂલ હતી જેની કિંમત ભૂતપૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ પોતાના જીવથી ચૂકવી હતી. તેઓ હિમાચલ પ્રદેશના કસૌલીમાં ખુશવંત સિંહ સાહિત્ય મહોત્સવમાં બોલી રહ્યા હતા. ચિદમ્બરમે કહ્યું, બધા આતંકવાદીઓને ખતમ કરીને પકડવાનો બીજો કોઈ રસ્તો હોઈ શકે છે. પરંતુ ઓપરેશન બ્લુ સ્ટાર ખોટો અભિગમ હતો. હું સંમત છું કે શ્રીમતી (ઈન્દિરા) ગાંધીએ પોતાના જીવથી તે ભૂલની કિંમત ચૂકવી. પરંતુ તે ભૂલ સેના, ગુપ્તચર અને સિવિલ સર્વિસનો સંયુક્ત નિર્ણય હતો.

# અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી અમીરખાન મુત્તકીએ તાજમહેલની મુલાકાત રદ કરી

આગ્રા,તા.૧૨





અફઘાનિસ્તાનના વિદેશ મંત્રી અમીર મુત્તકી છ દિવસની મુલાકાતે ભારત આવ્યા છે. શનિવારે તેમણે દેવબંદની મુલાકાત લીધી હતી. તા.૧૨ના રોજ તેઓ આગ્રામાં તાજમહેલની મુલાકાત લેવાના હતા. હવે, તેમની મુલાકાત રદ કરવામાં આવી છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે અફઘાનિસ્તાનના વિદેશ પ્રધાન અમીર મુત્તકીની રવિવારે યોજાનારી આગ્રાની મુલાકાત રદ કરવામાં આવી છે. સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે અફઘાનિસ્તાનના વિદેશ પ્રધાન રવિવારે તાજમહેલની મુલાકાત લેવાના હતા, પરંતુ અણધાર્યા સંજોગોને કારણે તેમની મુલાકાત રદ કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું હતું કે નિર્ધારિત સમયપત્રક મુજબ, મુત્તકી રવિવારે સવારે ૧૧ વાગ્યે તાજમહેલ પહોંચવાના હતા. તાજમહેલની મુલાકાતમાં એક કલાક વિતાવ્યા પછી, તેમણે આગ્રામાં લંચ લેવાનું અને પછી દિલ્હી પાછા ફરવાનું હતું.આગ્રામાં તાજમહેલની મુલાકાત રદ કરવાનું કારણ જાણી શકાયું નથી.

# બિહારમાં ભાજપ ૧૦૧, જેડીયુ ૧૦૧, LJP ૨૯, હમ અને RLM ૬-૬ બેઠક પર ચૂંટણી લડશે

(એચ.એસ.એલ),પટણા,તા.૧૨

બિહાર વિધાનસભા ચૂંટણી માટે NDAએ બેઠકોની વહેંચણીની જાહેરાત કરી છે. ભાજપ ૧૦૧ બેઠકો પર ચૂંટણી લડશે, જ્યારે JDU ૧૦૧ બેઠકો પર ચૂંટણી લડશે. ચિરાગ પાસવાનની LJP (R) ૨૯ બેઠકો પર ઉમેદવારો ઉભા રાખશે. જીતન રામ માંઝીની હિન્દુસ્તાન અવમ મોરચા (HAM)ને છ બેઠકો અને ઉપેન્દ્ર કુશવાહાની RLMને છ બેઠકો ફાળવવામાં આવી છે. ૨૦૨૦ની વિધાનસભા ચૂંટણીમાં, ભાજપે ૧૧૦ બેઠકો પર ચૂંટણી લડી અને ૭૪ બેઠકો પર જીત મેળવી. JDUએ ૧૧૫ બેઠકો પર ચૂંટણી લડી અને ૪૩ બેઠકો પર જીત મેળવી હતી.

# બિહાર ચૂંટણી પહેલા તેજસ્વી યાદવને મોટો ઝટકો , બે RJD ધારાસભ્યોએ પાર્ટીમાંથી રાજીનામા આપ્યા

(એચ.એસ.એલ),પટણા,તા.૧૨



બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા તેજસ્વી યાદવને મોટો ઝટકો લાગ્યો છે. નવાદાથી આરજેડી ધારાસભ્ય વિભા દેવી અને રાજૌલીથી આરજેડી ધારાસભ્ય પ્રકાશ વીરે પાર્ટીમાંથી રાજીનામું આપી દીધું છે. વિભા દેવી શક્તિશાળી ધારાસભ્ય રાજવલ્લભ યાદવના પત્ની છે, જેમને તાજેતરમાં બળાત્કારના આરોપમાં લાંબી સજા ભોગવીને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. થોડા દિવસો પહેલા, ગયામાં આરજેડી ધારાસભ્યો વિભા દેવી અને પ્રકાશ વીર વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે સ્ટેજ પર જોવા મળ્યા હતા. ત્યારથી, અટકળો ચાલી રહી છે કે આ બંને નેતાઓ આરજેડી છોડી શકે છે. તેજશ્વી યાદવે જેડીયુના ભૂતપૂર્વ ધારાસભ્ય કૌશલ યાદવ અને તેમની પત્ની પૂર્ણિમા યાદવને આરજેડીમાં સામેલ કર્યા હતા. ત્યારથી, રાજવલ્લભ યાદવના પરિવારનું લાલુ પરિવારથી અંતર વધ્યું છે. છેલ્લી લોકસભા ચૂંટણીમાં પણ તેજસ્વી યાદવે રાજવલ્લભ યાદવના ભાઈ વિનોદને ટિકિટ આપી ન હતી, જેમણે અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડી હતી.

તેજસ્વી યાદવ મહાગઠબંધનમાં બેઠકોની વહેંચણી અંગે ચર્ચા કરવા માટે દિલ્હી આવી રહ્યા છે. તેઓ કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધી સાથે મુલાકાત કરશે. તેજસ્વી યાદવની સાથે તેમના પિતા લાલુ પ્રસાદ યાદવ અને માતા રાબડી દેવી પણ વિમાન દ્વારા આવી રહ્યા છે.

# દિવાળીએ હિન્દુ દુકાનોમાંથી સામાન ખરીદવાની NCP ધારાસભ્યની અપીલ પર અજિત પવાર ગુસ્સે

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧૨



મહારાષ્ટ્રના સોલાપુર જિલ્લામાં હિન્દુ આક્રોશ મોરચો યોજવામાં આવ્યો હતો. સભાને સંબોધિત કરતી વખતે, રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના ધારાસભ્ય, અજિત પવાર જૂથના સભ્ય, સંગ્રામ જગતાપે હિન્દુઓને ખાસ અપીલ કરી. તેમણે કહ્યું, હું તમને બધાને વિનંતી કરું છું કે દિવાળી દરમિયાન ફક્ત હિન્દુ દુકાનોમાંથી જ વસ્તુઓ ખરીદો જેથી બધો નફો હિન્દુઓને મળે.

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અજિત પવારે સંગ્રામ જગતાપના નિવેદન પર નારાજગી વ્યક્ત કરી છે. તેમણે આ નિવેદન પર જગતાપ પાસેથી સ્પષ્ટતા માંગી છે.

સંગ્રામ જગતાપ એનસીપીના ત્રણ ટર્મના ધારાસભ્ય છે. તેઓ સતત અહિલ્યાનગર શહેર મતવિસ્તારમાંથી ચૂંટણી જીત્યા છે. જો કે, તાજેતરના સમયમાં, જગતાપ પાર્ટીની ધર્મનિરપેક્ષ છબી અને ફૂલે, શાહુ અને આંબેડકરની વિચારધારાથી વિચલિત થાય તેવા નિવેદનો આપી રહ્યા છે.

પાર્ટીના વડા અજિત પવારે નારાજગી વ્યક્ત કરી છે અને સંગ્રામ જગતાપને કારણ બતાવો નોટિસ જારી કરી છે. એનડીએ ગઠબંધનમાં જોડાતા અજિત પવારે સ્પષ્ટતા કરી હતી કે આ એક રાજકીય ગઠબંધન છે, વૈચારિક નહીં.

# એસ.ટી.ની 'કમાઉ દીકરા' સમાન બસ સેવા ખોરવાઈ: રાજકોટ-દીવ રૂટ પર સમયપાલન ન થતાં મુસાફરો પરેશાન

અમરેલી, તા.૧૨

ગુજરાત રાજ્ય માર્ગ અને વાહન વ્યવહાર નિગમના રાજકોટ ડિવિઝન હેઠળની એક નફાકારક સેવા અને કમાઉ દીકરા સમાન રૂટ પર મુસાફરો ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. રાજકોટ ડેપો દ્વારા સંચાલિત 'ગુર્જર નગરી એક્સપ્રેસ' (રાજકોટ-દીવ વાયા વેરાવળ, કોડીનાર) બસ તેના નિર્ધારિત સમય કરતાં એક કલાકથી વધુ મોડી પડતાં મુસાફરોમાં રોષ જોવા મળી રહ્યો છે. આ રૂટ દીવ, કોડીનાર અને આસપાસના ગ્રામ્ય તથા શહેરી વિસ્તારના લોકોને રાજકોટની હોસ્પિટલોમાં સારવાર કરાવવા જવા માટે અત્યંત અનુકૂળ છે. જોકે, આ બસ રાજકોટ પહોંચવાના નિર્ધારિત સમય (સવારે ૧૦:૦૫ વાગ્યે) પર ક્યારેય સમયસર પહોંચતી નથી. મુસાફરોનો આક્ષેપ છે કે રાજકોટ એસ.ટી.ના અધિકારીઓ ચેમ્બરમાં બેસીને માત્ર ઓર્ડર આપવા સિવાય મેદાન પરની વાસ્તવિક સ્થિતિની તપાસ કરતા નથી. રાજકોટ-દીવ બસનો ઉપડવાનો સમય પોણા બાર વાગ્યાનો છે, પરંતુ તે ક્યારેય પણ સમયસર ઉપડતી નથી. મુસાફર જનતાની માંગણી છે કે અધિકારીઓએ ચેમ્બરમાં બેસી રહેવાને બદલે બસ સેવા સમયસર ચાલી શકે અને મુસાફરોની હાલાકી દૂર થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ.

# ઉનાના ઉમેજ ગામે ૨૪ વર્ષના સુશાસનની ગૌરવભેર ઉજવણી

ઉના,તા.૧૨



રાજ્ય સરકાર દ્વારા સમગ્ર રાજ્યમાં ૦૭ થી ૧૫ ઓક્ટોબર દરમ્યાન વિકાસ સપ્તાહ ઉજવવાનું નક્કી કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે ઉના તાલુકા વહીવટી તંત્ર દ્વારા ઉમેજ ગામે વિકાસ સપ્તાહ કાર્યક્રમ ઉજવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા. વિકાસ સપ્તાહ કાર્યક્રમ અંતર્ગત જિલ્લા પંચાયત ગીર સોમનાથની ભાચા બેઠક અંતર્ગત આવતા ગામોના વિવિધ યોજનાઓના રૂ. ૧.૭૨ કરોડના કુલ ૬૦ કામોના લોકાર્પણ તેમજ રૂ. ૨.૫૧ કરોડના ૧૪ કામોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

# મહુવાનો પેરોલ પરથી ફરાર થયેલો આરોપી હૈદરાબાદથી પકડાયો

સોમનાથ,તા.૧૨



ભાવનગર જિલ્લાના મહુવા ટાઉન પોલીસ સ્ટેશનના ગુનાનો આરોપી નિલેશભાઈ અનિલભાઈ ખોરાસીએ ભાવનગર જેલ ખાતેથી વચગાળાના જામીન પર છુટીને પેરોલ જમ્પ કરીને ફરાર થયેલ હતો. તે હૈદરાબાદ ખાતે હોવાની બાતમી ગીર સોમનાથ પેરોલ ફર્લો સ્કવોડના પોલીસ હેડ કોન્સ્ટેબલ પ્રવીણભાઈ મોરીને મળેલ. જે અંગે ગીર સોમનાથ પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજાને જાણ કરતા તેમણે હૈદરાબાદ ખાતે જઈ આરોપીને પકડવા સૂચના અને માર્ગદર્શન આપેલ. એલસીબીના ઈન્સ્પેક્ટર એમ.વી. પટેલ દ્વારા સબ ઈન્સ્પેક્ટર એ.સી. સિંધવ તથા ટીમે હૈદરાબાદ જઈને સ્થાનિક પોલીસની મદદ લઈ બાતમીવાળી જગ્યાએ પેરોલ જમ્પ કરેલ નિલેષ ખોરાસીને પકડીને ભાવનગર જિલ્લા જેલ ખાતે મોકલી આપેલ.

# ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના પ્રયત્નોથી શહેરના નાગરિકોની સુવિધામાં સતત વધારો

ઉના,તા.૧૨



તસવીર : કૈલાશ ભટ્ટ

ગુજરાત સરકારની રૂ. ૬૦ કરોડની યોજના ( GOG 60 Cr Scheme)' અંતર્ગત દરિયાકાંઠાના વિસ્તારોમાં ખુલ્લી ૧૧ કેવી વીજ લાઈનોને અંડરગ્રાઉન્ડ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ અનુસંધાને ઉના શહેરમાં અંદાજીત રૂ. ૩૭ લાખના ખર્ચે ૧૧ કેવી મહુન્દ્રી અર્બન ફીડરની '૧૧ કેવી' વીજલાઈનને અંડરગ્રાઉન્ડ લાઈનમાં રૂપાંતરિત કરવાની કામગીરી કરવાની હોય, જેમનું ખાતમુહૂર્ત ઉનાના વિકાસશીલ ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ ખાતમુહૂર્ત પ્રસંગે ઉના નગરપાલિકાના પ્રમુખ પરેશભાઈ બાંભણીયા, મયંકભાઈ જોશી, નગરપાલિકાના કારોબારી સમિતિના ચેરમેન ધીરુભાઈ છગ, શહેર ભાજપ પ્રમુખ મનીષભાઈ કારીયા, ચંદ્રેશભાઈ જોશી, ગીરીશભાઈ પરમાર, કાનાભાઈ બાંભણીયા, રામજીભાઈ વાજા, ઘનશ્યામભાઈ જોશી, હરેશભાઈ જોશી, મહેબુબભાઈ કચરા, શહેર ભાજપ મહામંત્રી કાંતિભાઈ છગ, કિરીટભાઈ વાજા તેમજ બાબુભાઈ ડોડીયા, રમેશગીરી ગૌસ્વામી, આશિષભાઈ ધકાણ, કિશનભાઈ મકવાણા અને PGVCLના કર્મચારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# વિકાસ સપ્તાહની રાજ્યવ્યાપી ઉજવણી : ગીર સોમનાથમાં લોકલક્ષી કાર્યક્રમોનો આરંભ

કોડીનાર, તા.૧૨



તસવીર : ધર્મેશ પાઠક

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સુશાસનના ૨૪ વર્ષ પૂર્ણ થવા નિમિત્તે ગુજરાતભરમાં 'વિકાસ સપ્તાહ'ની ભવ્ય ઉજવણી શરૂ થઈ છે. પ્રધાનમંત્રીના અવિરત માર્ગદર્શન હેઠળ ગુજરાતે છેલ્લા બે દાયકાથી વધુ સમયગાળામાં સર્વાંગી વિકાસની હરણફાળ ભરી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર ૭ થી ૧૫ ઓક્ટોબર, ૨૦૨૫ દરમિયાન આ વિકાસ યાત્રાને જનજન સુધી પહોંચાડી રહી છે.

આ ઉજવણીના ભાગરૂપે ગીર સોમનાથ જિલ્લામાં પણ જિલ્લા વહીવટી તંત્રના માર્ગદર્શન હેઠળ લોકલક્ષી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે, જેનો શુભારંભ કરવામાં આવ્યો હતો. વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામે વિકાસ રથનું આગમન થયું હતું. આ પ્રસંગે ગ્રામજનોએ રથનું ઉત્સાહભેર સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમમાં યુનિયન બેંકના ચેરમેન પ્રતાપભાઈ ડોડીયા, જિલ્લા પંચાયતના સભ્યો, તાલુકા ન્યાય સમિતિના ચેરમેન રાજેશભાઈ, ટીડીઓ બી.આર. બગથરિયા, માજી કારોબારી ચેરમેન દીપુભાઈ બારડ, ઉપ પ્રમુખ વિશાલભાઈ ગાધે, તાલુકા ભાજપ પ્રમુખ જીતુભાઈ બારડ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

## બોટાદના હડદડ ગામે કિસાન મહા પંચાયતનું આયોજન કરવામાં આવ્યું હતુ

# કિસાન મહા પંચાયત બંધ કરાવવા ગયેલી પોલીસ પર ટોળાનો પથ્થરમારો

**ટોળાને કાબુમાં લેવા માટે પોલીસે ટિયરગેસના સેલ છોડ્યા**

બોટાદ,તા.૧૨

ગુજરાતમાં કિસાન મહા પંચાયતના એલાનને લઈને ફરી એકવાર રાજકારણ ગરમાયું છે. રવિવાર ૧૨ ઓક્ટોબરે બોટાદના હડદડ ગામમાં ખેડૂત મહા પંચાયતનું આયોજન કરાયું હતું. પોલીસનો દાવો હતો કે, આ આયોજન મંજૂરી વિના કરાયું હતું. તેથી તે રોકવા માટે પોલીસ પહોંચતા જ ઉશ્કેરાયેલા ટોળાએ પોલીસના વાહનો પર પથ્થરમારો કર્યો હતો. આ સ્થિતિને કાબુમાં લેવા પોલીસે ટિયરગેસના સેલ છોડવા પડ્યા હતા અને કેટલાક લોકોની અટકાયત કરી હતી. આ અંગે પોલીસે જણાવ્યું હતું કે, 'હાલ બોટાદમાં પરિસ્થિતિ નિયંત્રણમાં છે, પરંતુ ગામમાં



ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.' આ ઘટના પહેલાં મહા પંચાયતમાં જોડાવા જઈ રહેલા આપ પ્રદેશ અધ્યક્ષ ઈસુદાન ગઢવીની પણ બગોદરામાં અટકાયત કરાઈ હતી. નોંધનીય છે કે, બોટાદમાં કપાસના વેપારીઓ દ્વારા વજનમાં થતા 'કડદા' વિરુદ્ધ ખેડૂતોનું ઉગ્ર આંદોલન ચાલી રહ્યું છે, જેના ભાગરૂપે આ મહા પંચાયતનું આયોજન કરાયું હતું. મળતી માહિતી મુજબ, બોટાદના હડદડમાં ચાલી રહેલી AAPની સભામાં પોલીસ પહોંચી હતી. આ દરમિયાન પોલીસના વાહનો પર પથ્થરમારો કરાયો હોવાના દ્રશ્યો સામે આવ્યા છે. સમગ્ર ઘટનાને લઈને પોલીસે ટિયરગેસના સેલ છોડ્યા હતા. સમગ્ર બનાવને લઈને SPએ કહ્યું કે, 'મંજૂરી વગર મહા પંચાયતનું આયોજન થયું હતું. લોકો ગેરકાયદે એકઠા થતા પોલીસ પહોંચી હતી. પોલીસ પહોંચતા જ લોકોએ પથ્થરમારો કર્યો હતો. પોલીસે ટિયરગેસના સેલ છોડીને સ્થિતિને કાબૂમાં લીધી હતી. કેટલાક લોકોની અટકાયત કરવામાં આવી છે. હાલમાં સ્થિતિ નિયંત્રણમાં છે. હડદડ ગામમાં ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.'

**હડદડ ગામે ચૂસ્ત પોલીસ બંદોબસ્ત**

કિસાન મહા પંચાયતને લઈને કોઈપણ અનિચ્છનીય ઘટના ન બને તે માટે બોટાદ શહેર અને જિલ્લામાં ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. જેમાં પોલીસ અધિક્ષક (SP) સહિત ચાર નાયબ પોલીસ અધિક્ષક, ૧૫ PI, ૫૦ PSI અને ૧૦૦૦ પોલીસકર્મીઓ તહેનાત કરાયા હતા, તેમ છતાં ખેડૂતો અને પોલીસ વચ્ચે ઘર્ષણની ઘટના બની હતી.

# વતનમાં જવા માટે ઉધના રેલવે સ્ટેશને શ્રમિકોની એક કિ.મી. લાંબી લાઈન




સુરત,તા.૧૨

સુરત એ મિની ભારત તરીકે ઓળખાય છે. દિવાળીના પર્વ નિમિત્તે યુપી અને બિહારના લોકો પોતાના માદરે વતન તરફ જવા નીકળતા હોય છે. ઉધના રેલવે સ્ટેશન પ્લેટફોર્મ નંબર ૬ પાસે મુસાફરોની એક કિલોમીટર લાંબી કતારો જોવા મળી છે. લોકો રાત્રિના બાર વાગ્યાથી લાઈનમાં ઊભા રહ્યાં છે. આ કારણે મુસાફરોને ભારે અગવડતા પડી રહી છે. મુસાફરો દ્વારા ટ્રેનો વધારવા માટે માંગ કરવામાં આવી છે.

# પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે જૂનાગઢમાં સરકારી જમીન પર બનેલા દબાણો દૂર કરાયા

(એચ.એસ.એલ),જૂનાગઢ,તા.૧૨

જૂનાગઢ શહેરમાં સરકારી જમીન પર ગેરકાયદેસર અતિક્રમણ સામે વહીવટી તંત્રે કડક કાર્યવાહી કરી છે. વહીવટી તંત્રે શહેરના એક વિસ્તારમાં અસામાજિક તત્વો દ્વારા બાંધવામાં આવેલા ગેરકાયદેસર બાંધકામો તોડી પાડ્યા, જેમાં આશરે રૂ.૩ કરોડની કિંમતની જમીન ખુલ્લી



કરવામાં આવી છે. આ અતિક્રમણ દૂર કરવાની કામગીરી અત્યંત સંવેદનશીલ હોવાથી, કોઈપણ અનિચ્છનીય ઘટના ન બને તે માટે કડક પોલીસ સુરક્ષા ગોઠવવામાં આવી હતી. ભારે પોલીસ દળની હાજરીમાં, વહીવટી તંત્રની ટીમોએ ગેરકાયદેસર બાંધકામોને બુલડોઝરથી તોડી પાડ્યા. અસામાજિક તત્વો દ્વારા સરકારી જમીન પર અતિક્રમણને કારણે લોકોને અસુવિધા ઉદ્ભવી હતી. વહીવટી તંત્રે આ ગેરકાયદેસર અતિક્રમણ દૂર કરીને સરકારી જમીન પાછી મેળવી છે.

# વિસનગરમાં સગીરા પર ગેંગરેપ કરનારા ૬ આરોપીની ધરપકડ

(એચ.એસ.એલ),મહેસાણા,તા.૧૨

મહેસાણાના વિસનગરમાં ૧૪ વર્ષની સગીરા પર થયેલા ગેંગરેપથી સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. પોલીસે આ જઘન્ય ગુનામાં સંડોવાયેલા તમામ છ આરોપીઓની ધરપકડ કરી છે અને તેમની જાહેરમાં પરેડ કરવામાં આવી હતી. આવા ગુનાઓ સામે સમાજને મજબૂત સંદેશ આપવા માટે આ કાર્યવાહી કરવામાં આવી છે.

માહિતી અનુસાર, આ ઘટના વિસનગરમાં બની હતી, જ્યાં છ પુરુષોએ ૧૪ વર્ષની સગીરા પર વારાફરતી બળાત્કાર કર્યો હતો. પીડિતાની ફરિયાદના આધારે, પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી અને તમામ આરોપીઓની ધરપકડ કરી હતી. આરોપીઓની ઓળખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી, પરંતુ પોલીસે જણાવ્યું છે કે બધા સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

# નવસારીમાં માર ન મારવાના બદલામાં એક લાખની લાંચ લેનાર પોલીસ કોન્સ્ટેબલ ઝડપાયો

(એચ.એસ.એલ),નવસારી,તા.૧૨

નવસારી જિલ્લામાં કાયદાનો ભંગ કરીને લાંચ માંગવાનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે, જ્યાં ખેરગામ પોલીસ સ્ટેશનના એક કોન્સ્ટેબલને ભ્રષ્ટાચાર વિરોધી બ્યુરો દ્વારા લાંચ લેતા રંગે હાથે પકડવામાં આવ્યો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, ખેરગામ પોલીસ સ્ટેશનમાં સર્વેલન્સ સ્ટાફમાં રહેલા કોન્સ્ટેબલ દિવ્યેશ પટેલની



ધરપકડ કરવામાં આવી હતી. આરોપી કોન્સ્ટેબલે દારૂના ગુનામાં ધરપકડ કરાયેલા ફરિયાદીને માર ન મારવા અને કેસમાં મદદ કરવા બદલ ૧૦૦,૦૦૦ની લાંચ માંગી હતી. ફરિયાદ મળતાં, એસીબી, વલસાડ અને ડાંગ એસીબી સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એન. ગોહિલ અને તેમના સ્ટાફે લાંચનું છટકું ગોઠવ્યું હતું. આ લાંચનું છટકું ખેરગામ પોલીસ સ્ટેશનના પહેલા માળે આવેલા કમ્પ્યુટર રૂમમાં ગોઠવવામાં આવ્યું હતું. યોજના મુજબ, એસીબી ટીમ દ્વારા કોન્સ્ટેબલ દિવ્યેશ પટેલને લાંચ લેતા રંગે હાથે પકડવામાં આવ્યો હતો.

# પાટણની ધારપુર હોસ્પિટલમાં દર્દીઓને એક્સપાયર થયેલું દૂધ આપવામાં આવ્યું

પાટણ,તા.૧૨



પાટણની ધારપુર હોસ્પિટલમાં ગંભીર બેદરકારીનો પર્દાફાશ થયો છે, જ્યાં સ્ત્રીરોગ વિભાગને એક્સપાયર થયેલ અને ખરાબ દૂધની કોથળીનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સમગ્ર ઘટના હોસ્પિટલની બેદરકારીને ઉજાગર કરે છે. દર્દીઓના સ્વાસ્થ્ય સાથે ચેડા કરવામાં આવ્યા હતા, અને આ ઘટના માટે કોણ જવાબદાર છે તે જાહેર કરવા માટે કોઈ આગળ આવ્યું નથી. દર્દીઓ પહેલેથી જ બીમાર છે, અને તેમને વધુ બીમાર બનાવીને, તમારે તેમના સ્વાસ્થ્યને જોખમમાં મૂકવાનું બંધ કરવું જોઈએ અને જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવા જોઈએ.

# દિવાળી નજીક આવતા SGSTના ફટાકડાના વેપારીઓ પર દરોડા, ૪.૩૩ કરોડની કરચોરી પકડાઈ

અમદાવાદ,તા.૧૨

દિવાળીના તહેવાર નજીક આવતા, ફટાકડા વેપારીઓના સ્થાનો પર એસજીએસટી દ્વારા દરોડા પાડવામાં આવ્યા છે, જેને કારણે વેપારીઓમાં ફફડાટ ફેલાયો છે. ગુજરાત એસજીએસટી વિભાગે બીરસી ક્ષેત્રના ફટાકડા વેપારીઓ સામે કાર્યવાહી કરી, જેમાં ૪.૩૩ કરોડની કરચોરી પકડાઈ છે. તેમ જ રૂપિયા ૧૬ કરોડથી વધુની ટેક્સ કમ્પ્લાયન્સની જવાબદારી શોધી છે.




જીએસટી વિભાગે કેટલાક કેસોમાં બિલ વિના ફટાકડાના વેચાણ અને જીએસટી કમ્પ્લાયન્સમાં ગેરરીતિઓ પકડીને ૩૭ કરદાતાઓ વિરુદ્ધ રાજ્યવ્યાપી તપાસ શરૂ કરી. બાતમીના આધારે, અધિકારીઓએ ગ્રાહક બનીને વિવિધ સ્થળોની મુલાકાત લીધી. ત્યારબાદ અમદાવાદ, સુરત, આણંદ, વડોદરા, અરવલ્લી, સાબરકાંઠા, રાજકોટ, ગાંધીધામ, વાપી, જામનગર, વલસાડ અને મોરબીમાં ૩૭ કરદાતાઓના ૬૯ ધંધાના સ્થળોએ તપાસ હાથ ધરવામાં આવી હતી.

# ભાવનગરમાં સ્પાની આડમાં ચાલતા કુટણખાના પર પોલીસે પાડ્યા દરોડા, ૧૦ યુવતીઓને છોડાવાઈ

(એચ.એસ.એલ),ભાવનગર,તા.૧૨

શહેરમાં સ્પાની આડમાં ચાલતા કુટણખાના પર પોલીસે દરોડા પાડ્યા હતા. વાઘાવાડી રોડ પર ત્રણ જેટલા સ્પા સેન્ટરમાં દરોડા પાડવામાં આવ્યા હતા. સ્પાની આડમાં દેહ વ્યાપાર અટકાવવા પોલીસે રેડ કરી હતી. ઈવા સુરભી કોમ્પલેક્ષમાં એક સાથે ૩ જેટલા સ્પા સેન્ટરો પર કાર્યવાહી કરવામાં આવી હતી. અવેડા, ઓશિયન અને આઈકોનીક




નામના સ્પા સેન્ટરો પર દરોડા પાડવામાં આવ્યા હતા. જે દરમિયાન પોલીસ અધિકારીઓએ ૧૦ જેટલી યુવતીઓને દેહ વ્યાપારમાંથી મુક્ત કરાવી હતી. જ્યારે ત્રણેય સ્પા સેન્ટરના મેનેજરની ધરપકડ કરવામાં આવી છે.

ભાવનગરના વાઘાવાડી રોડ પર આવેલા ત્રણ જેટલા સ્પા સેન્ટરની આડમાં દેહ વ્યાપાર અટકાવવા પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી અને રેડ પાડવામાં આવી હતી. વાઘાવાડી રોડ પર આવેલ ઈવા સુરભી કોમ્પ્લેક્ષમાં એક સાથે અલગ-અલગ ત્રણ જેટલા સ્પા સેન્ટરો ઉપર પોલીસે દરોડા પાડ્યા હતા. ઈવા સુરભી મોલમાં ચાલતા અવેડા, ઓશિયન અને આઈકોનીક નામના સ્પા સેન્ટરો પર દરોડા પાડવામાં આવ્યા હતા.

# રાજકોટના ઘંટેશ્વર વિસ્તાર પાસે ચડ્ડી-બનિયાનધારી ટોળકી સક્રીય થતા પોલીસ એક્શનમાં આવી

(એચ.એસ.એલ),રાજકોટ,તા.૧૨

રાજકોટના ઘંટેશ્વર વિસ્તાર નજીક ગુલમહોર વુડ્સ પ્રોજેક્ટમાં રવિવારે વહેલી સવારે મોટી ચોરીનો પ્રયાસ થયો હતો. શોર્ટ્સ અને વેસ્ટ પહેરેલા છ માણસોએ સ્થળ પર હુમલો કર્યો હતો. જોકે, તેઓ તિજોરી તોડી શક્યા ન હતા અને ખાલી હાથે પાછા ફર્યા હતા. આ સમગ્ર ઘટના સવારે ૪:૪૫ વાગ્યે બની હતી અને આ ઘટનાના સીસીટીવી ફૂટેજ હવે પોલીસને મળ્યા છે. નિષ્ફળ ચોરીના પ્રયાસની માહિતી પોલીસ વિભાગને મળતા જ તેઓ એક્શનમાં આવી ગયા. ગાંધીગ્રામ પોલીસ અને ક્રાઈમ બ્રાન્ચે સંયુક્ત તપાસ શરૂ કરી છે. પોલીસે ગુલમહોર વુડ્સમાંથી સીસીટીવી ફૂટેજ કબજે કર્યા છે અને ચોરી કરવા આવેલા છ વ્યક્તિઓને ઓળખવાનો પ્રયાસ કરી રહ્યા છે.







